

પ્રભાત-કિરણો ફોટો · ડૉ. એસ.બી. કૂપર (અમદાવાદ 'નિહારિકા' મંડળે યોજેલા અખિલ હિંદ ફોટો પ્રદર્શનમાંની એક કૃતિ)

કુમાર

છૂટક ૦-૧૦-૦

આદ્યતંત્રી · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંપાદક · બચુભાઈ રાવત

૨૫૧

નવેમ્બર ૧૯૪૪



દાદાનો લાડકવાયો

ચિત્રકાર • રસિકલાલ પરીખ

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક વર્ષ ૨૧ · અંક ૧૧ નવેમ્બર · ૧૯૪૪ સળંગ અંક ૨૫૧મો

વાટડી

વાટડી, વન રે વગડાની હું વાટડી.
ભટકું હું ભમતી ડુંગરને માથે,
રમતી રૂમઝુમતી નદીઓની સાથે,
લેતી કુંજોને કોડભરી બાથે
ધરતી માથે શું સેંથી પડી: વાટડી૦
ઓતરદખ્ખણ આમતેમ અટવાતી,
વનની તે વીજળીશી એગમ વીંઝાતી,
પંથીને દેખીને સામેથી ધાતી,
સૂના વેરાનમાં હું આથડી: વાટડી૦
પગલાં નીચે મારી કાયા પીલાતી,
જળની પથારીએ પડતાં વીલાતી,
અહીંથી ફેંકાઇ સામે તીરે ઝીલાતી,
ચાટું આકાશ ગિરિએ ચડી: વાટડી૦
ઘેલી ગુફાઓ ને કોતરોમાં ઘૂમતી,
વનરાને માથે કો તેગ સમી ઝૂમતી,
અભિયાગતનાં રહું પાવલિયાં ચૂમતી,
ઘસી મેં એને કાજ જાતડી.
વાટડી, વન રે વગડાની હું વાટડી.

ઉમાશંકર જોષી

तमसो मा . . . (-દા-સ્રગ્ધરા)

કાયા એને નથી તદપિ શો ભાર અંધારનો છે!
નાના મારા જીવનસરમાં દૃષ્ટિનું પદ્મ ઊગ્યું
તો યે એના સરવ દલને બંધ શો કારમો છે!
જે કારાએ લસતી દ્યુતિ ના વ્યોમનાં રશ્મિકેરી
ત્યાં થાપીને નયન નિજ કૈં ધૂંધળું તેજ (જેમ
જુવાદોરી ત્રુટતી લહીને તફડે પ્રાણ તેમ)
ભાંગે તો યે ફરીફરી રચે સ્વપ્નકેરી હવેલી.
એના રંગો તરલ પલટાઈ જતા વારવાર,
એની છે ના ચરણ ધરવા જેવી યે કૈં ધરિત્રી,
એની સાથે હૃદય-મનની કેટલી વાર મૈત્રી!
ખોરાં ધાન્યે ઇહ જીવિતને કાજ શો તત્ત્વસાર!
આવો વીંધી તિમિર, શરથી અંશુનાં, આવો કાન્ત!
આવો મારાં અધીર બનિયાં દર્શનોત્કંઠ નેણ;
આવો, હે સૂર્ય! આવો
મખમલ પગલે પદ્મને ફુલ્લ પ્રાન્ત.

રાજેન્દ્ર શાહ

ધીમેધીમે અંગુલીઓ ફરી રહી
વીણાતણા તાર પરે સુકોમળી
જામી હતી રંગત ગીત કેરી
ત્યાં તાર તૂટ્યો, સૂર બેસૂરા કરી.
વહી જતું ગીત વહી રહ્યું છતાં
તૂટી ગયા તારની ના હતી તમા.
તૂટી જતાં જીવનવાદ્ય તારે
થોભાવવું ના ગીત; સાર આનો.

ભગીરથ મહેતા

સામયિક ચિંતન

માનવતાની ખુશબૂ

બદામની એક નાનકડી ઢગલી પડી હોય, એક પછી એક બદામનો તમે ઉપયોગ કરી રહ્યા હો અને સારામાં સારી બદામ ખાધા પછી એકાદી કડવી બદામ ચાવવામાં આવે તો મિજાજ બગડી જાય છે, મીઠી બદામનો બધો સ્વાદ દૂર થઇ જાય છે અને કડવાશ મગજમાં પેસી જાય છે.

એક વ્યક્તિમાં ઘણા ગુણ હોય પણ એ બધા ગુણોની બદામમાં એક કડવી બદામ આવેલી હોય તો બધા પર પાણી ફરી વળે છે. કડવાશ એ માનવીની અંદરનો એવો દુર્ગુણ છે કે એ માનવીના ચારિત્ર્યના ઘડને ગિરાવી દે છે.

એક વ્યક્તિએ બીજી વ્યક્તિ ઉપર કાંઈક ઉપકાર કર્યો. આ ઉપકાર અબોલ રહે છે તો જ એની સુવાસ ફેલાય છે; પણ જે ઘડીએ આ ઉપકારનું ફુલેકું ફેરવવામાં આવે છે તે દિવસથી તે પાછળની ગત્રા મારી જાય છે.

ઉપકાર કરવો એટલે માત્ર આર્થિક મુસીબતમાં આવેલાને પૈસાની મદદ કરવી એમ નથી. જ્યારે કોઇનું અંતર જલતું હોય ત્યારે એ અંતર પર વીંઝણો ઢોળનારો માણસ ઉપકાર કરે છે. કોઇને જ્ઞાન મેળવવું હોય અને એ જ્ઞાનના પ્રદેશ પાસે જવાની એની પાસે માનસિક સગવડ ન હોય તો એવા યાત્રીને જ્ઞાનના માર્ગ પર મૂકી દેનાર જરૂર એ આદમીના જીવનને નવો આકાર આપવાની ક્રિયામાં ભાગ ભજવે છે.

માનવ સંબંધ એટલે આ બધો સંબંધ. માનવ સંબંધ એ કોઈ જાહેરાતનો વિષય નથી. મુરબ્બીવટ દાખવવા માટેની એ કોઈ વ્યાસપીઠ નથી. મીઠી નજરથી, સુગંધી શબ્દથી, ઉરોજનના ઉમળકાથી માનવ સંબંધની માળા ગુંથાય છે.

નાની વિગતોથી પણ માનવસંબંધની મિઠાશ જળવાય છે. તમે જેની સાથે સંબંધમાં આવતા હો એની સાથેનાં વાક્યોમાં જો તમે ચમકાર મૂકો, એ ભાષામાં તમે માનવઘડતરની ઈજનેરીને છુપાવી રાખો તો તમારા સંસર્ગમાં આવેલો એ માણસ, એના ઘડતર માટે કાળજી રાખતો થઇ જશે.

અવળે માર્ગે જનારાઓ ભલે આજે દુનિયાને પોતાની કરવાના મનસૂબા ઘડે. પણ જેમનો માર્ગ અવળો છે, જેમનું વાહન ભ્રષ્ટ છે, જેમનો ઘાટ સ્વાર્થનો છે તેઓ ઇતિહાસની એક ઘડીએ થંભી જવાના છે. એમને થંભાવશે માનવતાનો પક્ષ. એમના કદમને રોકી પાડશે જીવનનાં શ્રીમંત તત્ત્વો. એટલે આજે દેખાતી રીતે માણસાઇની કિંમત ભલે ઓછી લાગતી હોય, પણ એની કિંમતની જાણ આજે નહિ, કાલે થશે.

માણસાઈ એ તો એવો ઝરો છે કે એનાં પાણીને રોકી શકાશે નહિ. એની આડે પાળ બાંધનારાઓની પરવા કર્યાં વિના એ પ્રવાહ આગળ ને આગળ જતો જ હશે.

તમારા નાનામાં નાના ગુણોને તમે એક ફૂલવાડી જેવા સમજજો. એ ફૂલવાડીની માલણ છે જિંદગી. એ માલણ મારફત તમે સૌને ગજરો પહોંચાડવા પ્રયત્ન કરજો. તમે જો ફૂલનો ગજરો મોકલશો, તો તમને સામો કોઇ કાંટાનો ભારો મોકલશે નહિ. અને ધારો કે એમ બને, તો યે એક દિવસ એ કાંટા તમારા ફૂલ સામે લાજી મરશે.

માનવ સંબંધની માળા ગૂંથવામાં તમે સફળ થશો તો તમારા મિત્રોને પણ એ માળાને આગળ લઈ જવામાં રસ આવશે; ને આમ તમારા સંબંધો સુગંધી બની જશે. આ માટે તમારા મૃદુ અવાજથી માંડીને તમારી મૃદુ જીવનશૈલીની જરૂર પડશે.

તમારા મંડળમાં તમે છો માટે અજવાળું છે એ સાવ સાચી વાત હોય તોપણ એ અજવાળાની જાહેરાત કર્યાં કરશો નહિ. તમારા સહવાસને કારણે કોઈ ઊંચે જાય ત્યારે વારેવારે તમે આંગળી ચીંધી કહ્યા કરશો નહિ: 'મારે લીધે.' 'તમે ભલે નહિ બોલો, પણ તમારી ખાનદાની બોલ્યા વિના હરગીઝ રહેશે નહિ.

અને ખાનદાની એટલે? મોટરમાં ફરવું, રાચરચીલાંની વચ્ચે બેસવું, રેડિયો સાંભળવો, ચ્હાના પ્યાલા ફેરવવા, સાંયગીને બોલતી રાખવી?—ના, આ બધાનો સરવાળો એટલે ખાનદાની નહિ. ખાનદાની કોઇ ગરીબ ઘરમાં પણ વસતી હોય છે. ખાનદાની મનમાં વસતી હોય, સંસ્કારોની ફોરમ મારફત ઊડતી હોય, માનવ સંબંધની ખુશબૂથી બોલતી હોય, તો એ ખરી ખાનદાની છે.

જિતુભાઈ મહેતા

પોતાનાં વાણી અને કર્તવ્યથી જાગૃત થતા આયર્લૅન્ડને ઊજળું બનાવનાર ગાયક, કવિ અને દ્રષ્ટા

કવિ (Æ) એ-ઇ

જ્યૉર્જ વિલિયમ રસેલ



કોઈ પણ ધરતીમાંથી જ્યારે સ્વાતંત્ર્યની તાજગીભરી સોડમ ઊઠે છે ત્યારે તેનો પહેલો સ્પર્શ તે ભૂમિના કવિઓને થાય છે. ને તેને પ્રજાના અણુયેઅણુમાં પવનવેગે વ્યાપ્ત કરવાનો ધર્મ પણ કવિના કંઠને જ અર્પણ થાય છે. આયર્લૅન્ડની બંધન-મુક્તિ પાછળ, તેની આર્થિક અને સાંસ્કારિક ઉન્નતિ પાછળ તેના કવિઓની તેજોજ્જ્વલ કથા પડી છે.

આયરિશ બળવાને જગાડનાર ને ફાંસીને વધાવનાર પેન્ટ્રેક પીઅર્સ કવિ હતો. જોસેફ પ્લન્કેટ અને ટૉમસ મૅક્ડૉનાઘ પણ કવિતા ને ફાંસી બંનેને વર્યા હતા. 'સીનફીન' પ્રવૃત્તિનો સર્જક ને આયરની મૂળ ભાષાને ફરી જીવતી કરનાર ડગ્લાસ હાઈડ પણ કવિ હતો. લાંબાં ઝુલ્ફાં રાખી ગીતો ગાતો ને નાટકો ભજવતો, દેશની ધૂળ ખૂંદનાર કવિ યીટ્સ પણ આ જ ઘરાનો હતો. અને એમ જ પોતાનાં વાણી ને કર્તવ્યથી જાગ્રત થતા આયર્લૅન્ડને ઊજળું બનાવનાર કવિ 'એ-ઇ'નું કલેવર પણ આ જ ભૂમિની માટીમાંથી ઘડાએલું હતું.

'એ-ઇ' Æ તો તેમનું ઉપનામ. ખરું નામ જ્યૉર્જ વિલિયમ રસેલ. ૧૮૬૭ના એપ્રિલમાં લાર્ગન નામે ગામમાં તેમનો જન્મ થયો હતો. ડબ્લિનની એક શાળામાં થોડો સમય અભ્યાસ કર્યો. ચિત્રકળા પણ શીખ્યા. પણ ઘણા મહાપુરુષોના જીવનમાં બને છે તેમ, એમણે શાળા-કૉલેજોની કેળવણી પૂરી ન કરી.

ઊંચામાંઊંચાં રહસ્યવાદી કાવ્યો રચવાની સાથે કવિ કોઈ દિવસ આ જગતના વાસ્તવદર્શનને ભૂલી નહોતા ગયા. કેવળ સાહિત્યની,-જીવનના સ્પર્શ વિનાની ઉપાસના તેમને મન ખાલી શબ્દોની નિરર્થક રમત હતી. સાહિત્યકારને લેખનકાર્ય ઉપરાંત પ્રજાજીવનની નજીક લઇ જતા વ્યવસાયના તે પુરસ્કારક હતા. અને જીવનની શરૂઆત પણ તેમણે એવા જ કાર્યથી કરેલી. થોડો સમય હિસાબી ખાતામાં નોકરી કર્યા પછી ૧૮૯૭માં આયરિશ ખેડૂત દળોના એ સફળ વ્યવસ્થાપક બન્યા. કવિતાની કલ્પનારમ્ય ભૂમિમાંથી તે અર્થશાસ્ત્રની અટવીમાં ઘણી આસાનીથી ઘૂમી શકતા. ખેડુ-સંઘના મુખપત્ર 'ધી આયરિશ હોમસ્ટેડ'ને તંત્રીપદે તેમણે કામ કર્યું. અને એમ વરસો સુધી દેશની ખેતી ને ખેડૂતોની સ્થિતિ સુધારવા પાછળ પોતાની સઘળી શક્તિ ખરચી નાખી.

પણ કવિનું પ્રેરણાઝરણ ચેતનાના કોઇ અખૂટ જલરાશિમાંથી વહેતું હતું. તેમની પાસે જાણે પ્રાણવાન દર્શનનું નાણું અભરે ભર્યું હતું. ૧૯૨૩માં તે 'ધી આયરિશ સ્ટેટ્સ મૅન'ના તંત્રી થયા અને દેશના ઉદય પામતા સાહિત્યને રાષ્ટ્રપ્રેમની સરાણે ચડાવ્યું. આયરિશ સંસ્કૃતિને પુનર્જીવન આપવામાં તેમનો ફાળો કમ નથી.

પરંતુ દેશની પરાધીનતાને-સાંસ્કૃતિક, ઔદ્યોગિક, બૌદ્ધિક, રાજકીય,-બધી જાતની પરાધીનતાને મિટાવી દેવા માગતા જલતા વ્યક્તિત્વ ઉપરાંત કવિના હૃદયમાં ઊંચી કોટિના રહસ્યવાદની ફોરમ સભર ભરી હતી. એક કવિ, ચિત્રકાર, નિબંધલેખક, સંપાદક, અર્થશાસ્ત્રી અને પ્રજાનું હૃદય પારખનાર દેશપ્રેમી પાછળ તેમના સક્રિય રહસ્યવાદના તાર અતૂટપણે વગાયા છે. તેમનાં સઘળાં લખાણમાં માણસમાં રહેલી દૈવી સંપત પરની શ્રદ્ધા નીતરે છે. હિંદ પ્રત્યે તેમને ખૂબ પ્રેમ હતો. અને હિંદુ તત્ત્વદર્શનથી તે એટલા પ્રભાવિત થયા હતા કે તેમનાં એવાં પણ કાવ્યો છે કે જેમાં સંસ્કૃત શબ્દો ને વાક્યો પણ તેમણે અપનાવ્યાં છે. વિચારદર્શને હિંદુ પણ જન્મે અમેરિકન એમર્સન જેમ ઈશ્વરની ભૌગોલિક ભૂલ ગણાય છે તેમ કવિ 'એ-ઇ' પણ એ ભૂલકણા ઇશ્વરની બીજી ભૂલ હશે! એક પત્રમાં તે હિંદ વિષે લખે છે: 'બની શકે ત્યાં સુધી મેં હિંદુસ્તાનની આર્થિક અને આધ્યાત્મિક ચળવળોને રસથી નિહાળી છે. હિંદને હું એક આધ્યાત્મિક પિતૃદેશ તરીકે માનું છું. જગતના વિચારો પર તેની અસર ઘણી જ વધતી જશે, કારણકે હિંદુ સાહિત્યમાં જે પરમ સત્યનો ખજાનો છે તે દુનિયાના કોઇ પણ સાહિત્યમાં નથી.'

યુગોજૂના ગંગાના શાંત કિનારે ઉચ્ચારાએલ. પરમ સત્યભર્યાં શબ્દોએ કવિની ચિત્તંત્રીને રણઝણાવી મૂકી હતી ને આયરના ઉત્થાનમાં એ શબ્દો શક્તિ બનીને અવતર્યા હતા. ભગવાન બુદ્ધનાં અંતિમ વચન આજે પણ સાચાં છે કે 'આ જગતમાં મારા ધર્મને દેખનાર સંયતાત્મા મનુષ્ય દૂરવર્તી હોવા છતાં પણ મને દેખે છે. અને જે શ્રેયપરાયણ નથી તે મારી બગલમાં રહ્યો છતાં પણ મારાથી ઘણો દૂર છે.' નહિ તો એ દૂરની ભૂમિનો વાસી, મુક્ત થતા રાષ્ટ્રનો ગાયક, કવિ, દ્રષ્ટા 'એ-ઇ' દરેક ક્ષેત્રમાં ઉન્નતિ સાધતા ધર્મની આટલો નજીક અને આપણે આટલા દૂર કેમ હોઈ શકીએ?

કવિનાં છેલ્લાં વરસો ડબ્લિનમાં પસાર થયાં હતાં. ત્યાં રહી છેવટ સુધી સ્ત્રીઓ ને પુરુષોને આયર્લૅન્ડનું નામ ઉજ્જ્વળ બનાવવા તે પ્રેરતા હતા. ૧૯૨૯માં તેમને ડબ્લિન યુનિવર્સિટી તરફથી ડૉક્ટર ઑવ લિટરેચરની માનાર્હ ડિગ્રી આપવામાં આવી, અને ૧૯૩૫ના જુલાઇમાં તેમણે છેલ્લો શ્વાસ લીધો.

ભવિષ્યની આરપાર વેધક દૃષ્ટિ નાખતા, વર્તમાનને ઘડતા અને માનવમાં પ્રભુતા ઉતારવા મથતા 'એ-ઇ' કવિ-દ્રષ્ટા હતા. સ્વાતંત્ર્યની બહાર જે ભૂમિમાં ખીલવાની હોય છે ત્યાં ઇશ્વર એવા બાગબાંને આગળથી મોકલી દે છે. જનતાના હૃદય પર ત્યારે કવિનું શાસન અમરતું હશે?

મકરન્દ દવે

જ્યારે તમે અત્યંત મુસીબતમાં આવી પડો અને તમને લાગે, કે હવે એક પળ પણ ટકી શકાશે નહિ, જ્યારે દરેક વસ્તુ તમારી વિરુદ્ધ જ જતી લાગે, ત્યારે નિરાશ થઇ હાથમાં લીધેલું કાર્ય છોડી દેતા નહિ. કારણકે બરાબર તે જ પળે પરિસ્થિતિમાં પલટો આવી જશે.

કદી પણ પડીએ નહિ તેમાં માનવીનું પરમ ગૌરવ નથી, પણ જ્યારે જ્યારે પડીએ ત્યારે ત્યારે ફરી ફરીને ઊભા થઇએ તેમાં જ તેનું પરમ ગૌરવ છે.

સફળ ને નિષ્ફળ માણસોની વચ્ચે મુખ્ય ભેદ માત્ર ધીરજમાં જ રહેલો છે.

પ્રત્યેક સફળ જીવનનો મોટો ભાગ સફળતાનો પાયો નાખવામાં જ જાય છે.

વિજયોત્સવ

શરદની એક ઊઘડતી સંધ્યાએ કવિએ ગીત ગૂંથ્યું. રાજા એ રચના પર મુગ્ધ બની ગયા. રાજાઓથી જ થઈ શકે એવું સન્માન એમણે કર્યું—ગીતનું ને કવિનું. કવિ રાજાના પ્રીતિપાત્ર બની ગયા. વખતોવખત રાજાએ એને ભેટથી, ઇનામોથી અને પ્રશંસાના શબ્દોથી નવરાવી એનું બહુમાન કર્યું.

ચિંતારહિત કવિ ક્યારેક સરિતાને તીરે, ક્યારેક ખુલ્લા વિશાળ અરણ્યમાં પોતાની રચનાઓને છંદમાં બદ્ધ કરતા. રાજાપ્રજા સૌ આદરપૂર્વક એ સાંભળી રહેતાં અને એમની પ્રતિભાનો વિચાર કરતાં મૌન બની જતાં.

એક દિવસ કવિએ સાંભળ્યું કે રાજા યુદ્ધમાં ગયા છે. ઘણીવાર કવિ બેત્રણ દિવસ દેખાતા નહિ તો રાજા એની તપાસ કરાવતા. પણ આ સમયે ચાર દિવસ થયા છતાં રાજાએ તપાસ માટે કોઈને મોકલ્યો નહોતો.

રાજા વિજયી બની આવ્યા. શત્રુ પ્રદેશને ઉજ્જડ બનાવી એક હજાર સૈનિકોને એમના સેનાપતિ સહ બંદી બનાવી એ સાથે લાવ્યા હતા. રાજાજ્ઞાથી નગરમાં વિજયોત્સવ ઊજવાતો રહ્યો હતો.

શા માટે અને કોની સાથે યુદ્ધ ચાલતું હતું એ પણ જેઓ નહોતા જાણતા એ લોકોય સામુદાયિક ઉત્સવમાં કુતૂહલથી ભાગ લઈ રહ્યા હતા. તે દિવસે દરબારમાં સૌ પ્રજાજનને આવવાનું જાહેર નિમંત્રણ હતું. લોકોનાં ટોળાંની સાથે કવિ પણ દરબારે પહોંચ્યા.

રાજા દરબારમાં આવ્યા ઉત્સવમાં શોભે એવો એમનો પોષાક હતો. એમની ચાલમાં વિજેતાનો ગર્વ હતો. મંદ મંદ સ્મિત વેરતી આંખોમાં પરાજિતોનો ઉપહાસ હતો.

સભાજનોએ જયનાદથી એમનું સ્વાગત કર્યું. પછી પરાજિત સેનાપતિને બોલાવવામાં આવ્યા. નીચે મસ્તકે એ આવ્યા.

રાજાએ કહ્યું, 'નાસી છૂટેલા તમારા રાજાને લાવી આપો. અમારી સત્તા સ્વીકારો. નહિ તો તમારો વધ કરવામાં આવશે. આજ્ઞા સ્વીકારો છો?'

સેનાપતિએ ધીરા મક્કમ અવાજે કહ્યું, 'ના'.

ક્રોધથી રાજાએ આજ્ઞા કરી, 'મંત્રી, આ એક હજાર બંદીનો વધ કરો. વિજેતાની આજ્ઞાની અવગણનાનું શું પરિણામ આવે છે તે એ બધાને સમજવા દો.'

સભા સ્તબ્ધ હતી. રાજાની આજ્ઞાનો વિરોધ કરી શકે એવું કોઈ નહોતું. એક ખૂણે દૂર ઊભેલા કવિએ ઊંડો નિઃશ્વાસ નાખ્યો. રાજાની દૃષ્ટિ એના પર પડી. પોતાના પ્રિય કવિને જોઈ એને હર્ષ થયો ને પાસે બોલાવ્યો.



'કવિ, આજના ઉત્સવે અમે તમારી વાણી સાંભળવા આતુર છીએ. આવો, આ વિજયોત્સવને તમારી કવિતા વડે ધન્ય બનાવો.'

કવિ આવ્યા. બોલવા જાય છે, પણ કંઠમાંથી શબ્દ નીકળતો નથી. રહીરહીને એક ઊંડો નિઃશ્વાસ જ નીકળે છે.

રાજાએ કહ્યું, 'આ પ્રસંગે તમે ઉદાસ છો? આજે તમારા દેશનો, તમારા રાજાનો મંગલ દિન છે ત્યારે તમારા હૃદયમાંથી ગીતની ધારાને બદલે શોકનો નિઃશ્વાસ કેમ નીકળે છે, કવિ? એવું શું દુઃખ છે તમને?'

ધીરેધીરે મસ્તક ઊંચું કરી, રાજા પર દૃષ્ટિ ફેરવી કવિએ કહ્યું 'મહારાજ, તમારા વિજયને આ દિને એક હજાર નિઃશસ્ત્ર બંદીઓની શોણિતધારા વહેશે. મારી કવિતા ને કલ્પના એમાં અત્યારથી જ ધોવાઈ રહી છે. વસંતની એક નાનીશી મંજરી કાવ્ય જન્માવી શકે છે, પણ તમારો આ વિજય કે તમારી સેનાનો પ્રતાપ અત્યારે મારા હૃદયમાં એક શબ્દ પણ સ્ફુરાવી શકે તેમ નથી.'

રાજાએ ક્રોધિત સ્વરે કહ્યું, 'શું? રાજાનું અપમાન? આવડો દેશદ્રોહ? મારો શત્રુ મળી આવે તો પછી શું મને કાંઈ માણસો મારવાનો શોખ છે?'

'આજ સુધી હું ભ્રમમાં હતો. આજે તમે એ ભ્રમ ભાંગ્યો છે, રાજન્.' કવિ દૃઢતાથી બોલ્યા, 'હવે મારો રાજા તો અખિલ વિશ્વનો પાલક છે. એ એક હજારની સાથે મારો વધ કરવાની આજ્ઞા કરો, તમારો આ વિજયોત્સવ જો એથી શોભે એમ હોય તો.'

સૌ કવિને જોઈ રહ્યા. સભાને છેડે પ્રજાજનોની પાછળ ઊભેલો એક માણસ પણ ઊંચોનીચો થઈ રહ્યો. રાજા શી આજ્ઞા કરે છે એ સાંભળવા બધા આતુર બની રહ્યા હતા.

રાજા બોલવા જતા હતા ત્યાં કવિ બે ડગલાં આગળ આવ્યા. ચારે બાજુ જોઈ એમણે પોતાનું ગીત આરંભ્યું.

એમાં વિજેતાના બળનું વર્ણન હતું, એનાં પરાક્રમોનું વર્ણન હતું, પણ એથી યે હૃદયદ્રાવક તો પરાજિત અને ભયગ્રસ્ત પીડિતોનું વર્ણન હતું. ઊંચે સ્વરે પોતાના હૃદયના ભાવોને વ્યક્ત કરતા કવિની વાણી પરાજિત પ્રજાની વેદનાઓ આલેખી રહી. ધસી આવતા શબ્દોને છંદોબદ્ધ કરવાને કવિ સમર્થ નહોતા. એને એની પરવા પણ નહોતી. રાજાપ્રજા સૌ મુગ્ધ બની સાંભળી રહ્યાં. કાવ્યને અંતે એમણે એવી પંક્તિઓ મૂકી કે વિજય એટલે શું? રાજાએ વિજય મેળવ્યો એટલે હજારોનાં ખૂન કરવાનું કાર્ય પ્રાપ્ત કર્યું એ જ ને?

કવિની વાણીના પ્રવાહમાં ડૂબી ગયા હોય એમ રાજા સ્તબ્ધ બની ગયા. સૌની પાછળ ઊભેલો માણસ મહામહેનતે માર્ગ કરી આગળ આવ્યો. એ પરાજિત રાજા પોતે જ હતો.

એણે રાજા પાસે આવીને કહ્યું, 'મારી જ આપને જરૂર હતી ને? મને એકને બચાવીને હું હજારને મરવા દઉં તો મારો અપરાધ એનો વધ કરનાર કરતાં જરાપણ ઓછો ન હોય.'

રાજાના મુખમાંથી ઘણી વાર સુધી એક પણ શબ્દ ન નીકળ્યો. રહીરહીને આખરે આતુર સભાજનોએ સાંભળ્યું, 'ઉત્સવની ખુશાલીમાં સર્વ બંદીઓને છોડી મૂકવામાં આવે છે.'

સભાજનોએ જયઘોષ કર્યો. વિજયોત્સવ ધન્ય બની ગયો. **હૈદરઅલી હુ. જીવાણી**

વડીલનું ભૂત

પરતંત્ર ભારતવર્ષના રૂઢિચુસ્તો પર આપણા વડીલોનો ગૌરવભર્યો ભૂતકાળ જે ભૂતની માફક ચડી બેઠો છે તેનું, 'ભૂત' અને 'ભૂતકાળ'ના શ્લેષ વડે આલેખન કરતો કટાક્ષલેખ

મૂળ લેખક રવીન્દ્રનાથ ઠાકુર

૧

વડીલ ડોસા મરવા પડચા ત્યારે દેશ આખો ય બોલી ઊઠચો, 'તમારા ગયા પછી અમારી શી દશા થશે ?' એ સાંભળીને વડીલને પણ દુઃખ થયું. તેણે વિચાર્યું કે 'મારા ગયા પછી આ બધાને કોણ શાંત રાખશે ?'

પણ મરણને કંઈ પાછું ઠેલાય છે ? છતાં યે દેવતાએ દયા લાવી રસ્તો બતાવ્યો: 'એમાં ચિંતા શી ? એ માણસ ભૂત થઇને ભલેને લોકોની કાંધ પર રહે. માણસને મૃત્યુ છે, પણ કાંઇ ભૂતને તો નથી ?'

૨

દેશના લોકો ભારે નિશ્ચિંત બન્યા. કેમકે ભવિષ્યને માનવા જાય તો તો કેટલી યે ચિંતા; પણ ભૂતને માને તો કશી ચિંતા જ નહિ. બધી ચિંતા ભૂતને માથે નાખી દેવાય. અને વળી એને પાછું માથું નહિ, એટલે તો પછી કોઈ માથાફોડ જ નહિ.

તો યે સ્વભાવદોષથી જે કેટલાક લોકો પોતાની ચિંતા પોતે જ કરવા જાય તેમનો કાન ભૂત આમળે. એ કાનપટ્ટી છોડાવાય નહિ કે તેમાંથી છટકાય પણ નહિ. ભૂતની વિરુદ્ધ ન થાય નિંદા કે તે સંબંધે ન થાય કંઈ વિચાર.

દેશ આખો ભૂતગ્રસ્ત થવાથી સૌની આંખો મીંચાવા લાગી. દેશના તત્ત્વજ્ઞાનીઓ કહે, 'ખરેખર, આમ આંખ મીંચીને ચાલવું એ જ જગતની સૌથી આદિમ ચાલ છે. આને જ કહેવાય અંધાની ચાલે ચાલવું. સૃષ્ટિના પ્રથમ આંખો વિનાના કીડા આમ જ ચાલતા. ઘાસમાં ને ઝાડમાં આજે ય આ જ ચાલનો આભાસ દેખાય છે.'

તત્ત્વજ્ઞાનીઓનાં આ વચનામૃત સાંભળીને ભૂતગ્રસ્ત દેશ પોતાની મૂળ જાતનો અનુભવ કરતો. તેનાથી તેને અત્યંત આનંદ થતો.

ભૂતનો નાયબભૂત હતો જેલનો દરોગો. એ જેલ એવી કે તેની દીવાલો આંખે દેખાય જ નહિ કે જેથી એમાંથી કેવી રીતે ભાગી છૂટાય એનો રસ્તો સૂઝે. એ જેલની ઘાણી નિરંતર ચાલે, તો ય તેમાંથી એક નવટાંકે તેલ ન નીકળે કે જે વેચાય. નીકળે માત્ર માણસનું નૂર. આ નૂર નીકળ્યે માણસ પડી જાય ઠંડા. એથી ભૂતના રાજ્યમાં બીજું કંઈ પણ રહે નહિ,— અન્ન, વસ્ત્ર કે સ્વાસ્થ્ય,—પણ શાંતિ રહે.

શાંતિ તે કેવી કે ! એનું દૃષ્ટાંત એ કે બીજા બધા દેશમાં ભૂતની ગરબડથી માણસ અ-સ્થિર બની ભૂલવાને ખોળે. અહીં તો એ પણ ચિંતા નહિ. કેમકે ભૂલવાને યે ભૂત જ વળગેલું !

૩

એવી રીતે દિવસો જતા. ભૂતની હકૂમત માટે કોઇને શંકા જાગતી નહિ. એ તો હમેશાં ગર્વ જ કરતા કે એમણે ભવિષ્યને તો પાળેલા પાડાની જેમ ભૂતને ખીલે બાંધી દીધું છે એ ભવિષ્ય ન કરે ઊં કે ન કરે ચૂં! ચૂપ થઇ ને પડી રહે માટી પર. જાણે એકદમ કાયમની માટી.

માત્ર એક અતિ સાધારણ કારણ માટે મુશ્કેલી ઊભી થઈ. એ વાત એમ હતી કે પૃથ્વીના બીજા દેશોને એ ભૂત વળગ્યું નથી. તેથી બીજા બધા દેશની ઘાણીઓ ચાલતી તેમ, થી તેલ નીકળતું તે ભવિષ્યના રથનાં પૈડાં ફરતા રાખવા; નહિ કે છાતીનું લોહી કાઢી ભૂતનું ખપ્પર ભરવા.

૪

અહીં દિવ્ય શાંતિમાં ભૂતરાજ્ય પડયું છે.

'બાળ ઊંઘે છે, લોક ઊંઘે છે.'

આ તો છોકરાંને ય આરામ અને તેના વડીલોને ય આરામ. પણ—

'આવ્યાં દુશ્મન દળ !
માગી રહ્યાં છે કર.'

આમ ન હોય તો તો છંદ મળે નહિ. ઇતિહાસનું પદ લૂલું રહી જાય. દેશમાં જેટલા શિરોમણિ-ચૂડામણિ હતા તેમને બધાને પૂછવામાં આવ્યું, 'આમ કેમ થયું ?'

તેઓ બધા ચોટલી હલાવીને એક જ વાત બોલ્યા: 'આ કાંઈ ભૂતનો વાંક નથી, લશ્કર આવે જ કેમ ? દોષ લશ્કરનો જ છે!'

સાંભળીને બધા કહે 'હા હા, એમ જ તો વળી.' અને સૌને અત્યંત સાંત્વના મળી લાગી.

દોષ ગમે તેનો હોય, પણ ખડકીને ખૂણે-ખોચરે ચોરે છે ભૂતનાં પ્યાદાં; ને રસ્તે ને ઘાટે ચોરે છે અભૂતના પ્યાદાં.

ઘરમાંથી બહાર જવાનો રસ્તો જ નથી. એક બાજુથી આ હાંક મારે છે, 'કર ભરો'; બીજી બાજુથી પેલા હાંક મારે છે, 'કર ભરો'.

હવે વાત આવી, 'કર આપીશું કેમ કરીને?'

આજ સુધી તો ઉત્તરદક્ષિણ પૂર્વપશ્ચિમમાંથી બુલબુલનાં ટોળેટોળાં આવી ખૂબખૂબ ધાન ખાઈ ગયાં. કોઇને ભાન નહોતું. જગતમાં જે લોકો સાવચેત રહે છે તેમની પાસે એ ઘુસી શકતાં નથી; રખે પસ્તાવું પડે. પણ આવા લોકો પાસે ઘુસે તો પસ્તાય પણ નહિ. શિરોમણિ ને ચૂડામણિઓ પોથીઓ ખોલી બોલ્યા, 'જે લોકો બેહોશ છે તે જ પવિત્ર છે; જે લોકો હોશિયાર તે બધા અપવિત્ર. માટે હોશિયારથી દૂર રહો. પ્રબુદ્ધમિવ સુપ્તઃ'

સાંભળીને બધા આનંદ પામ્યા.

૫

પણ તેથી યે આ સવાલ ઉડાવાતો નથી કે 'કર આપીશું કેમ કરીને ?'

મસાણમાંથી ને કબ્રસ્તાનમાંથી તોફાની પવનનો 'હા હા' કરતો ઉત્તર આવે છે:

'આબરૂ દઇને ઈજ્જત દઇને,
ઈમાન દઇને, છાતીમાંથી લોહી દઇને.'

સવાલોનું દુઃખ એ છે કે ઊભા થાય ત્યારે એક નહિ કેટલા ય આવી પડે ! બીજો સવાલ આવી પડયો: 'શું ભૂતની હકૂમત હમેશાં માટે ચાલ્યા કરવાની ?'

સાંભળીને ઊંઘણશીઓના માસીફોઈનાઓ કાને હાથ દઇને બોલ્યા 'અરે રામ, આવો સવાલ તો બાપદાદે ય સાંભળ્યો નહિ ! તો પછી અમારી સનાતન ઊંઘનું શું ?'

પણ પંચાતિયાઓ બોલ્યા, 'એ તો ઠીક, પણ આ બુલબુલનાં ટોળાં ને આ લશ્કરનાં ધાડાં, એ બધાંનું શું ?'

માસીફોઈના બોલ્યા, 'બુલબુલનાં ટોળાંને રામનામ સંભળાવશું; ને લશ્કરને ય તે.'

જુવાનિયાઓએ અંતે ઉદ્ધત થઇને કહ્યું, 'ગમે તેમ, પણ આ ભૂતને કાઢવું પડશે.'

નાયબભૂત આંખો કાઢી બોલ્યો, 'ચૂપ, હજુ ઘાણી બંધ નથી પડી.'

સાંભળીને દેશનાં છોકરાં નિસ્તબ્ધ બન્યાં. પછી પાસું ફેરવી સૂઈ ગયાં.

૬

મુદ્દાની વાત એ છે કે વડીલ ડોસા જીવતા યે નથી ને મરેલા યે નથી. એ તો રહ્યા છે ભૂત થઈને. દેશને છોડતા યે નથી.

દેશમાં જે બેચાર માણસો નાયબભૂતના ડરથી દિવસે વાત કરતા નથી, તેઓ અંધારી રાતે હાથ જોડીને કહે છે, 'બુઢ્ઢાજી, હજુ શું અમને છોડવાનો વખત થયો નથી?'

બુઢ્ઢા કહે છે, 'અરે મૂર્ખાઓ, મારે રહેવાનું યે નથી ને છોડવાનું યે નથી. તમે છોડો એટલે મારે છૂટવાનું.'

તેઓ કહે છે, 'પણ એ બધા એમ કરતાં બીએ છે.'

બુઢ્ઢાજી કહે છે, 'ત્યારે જ તો ભૂત છે ને!'

('લિપિકા'માંનો અનુવાદ) મૂળ બંગાળી

વિનોદ કોઠારી

આપણું નાણું

મોએં-જો-ડેરોની પાંચ હજાર વર્ષ ઉપરની મુદ્રાઓથી માંડી આજના અંગ્રેજી રૂપિયા સુધીના આપણા સિક્કાઓનો પરિચય

પૂર્વકથા

વિનિમયના સાધન તરીકે નાણાંનો પહેલવહેલો ઉપયોગ કરનાર દેશ આર્યાવર્ત જ હતો એ વાત તો હવે નિર્વિવાદ છે (જુઓ 'કુમાર'ના ૧૫૮મા અંકમાંનો લેખ 'નાણું'). આર્યાવર્તની એ મૌલિક શોધનું પહેલવહેલું પ્રતિપાદન કરનાર સર એ. કનિંગહામ હતો. પોતાના 'પ્રાચીન ભારતીય સિક્કા' નામક ગ્રંથમાં એણે પ્રાચીન સિક્કાઓનાં રક્તિકા (રતી)માં વજન સુદ્ધાં આપ્યાં છે, એટલું જ નહિ પણ બુદ્ધ ગયાના વજ્રાસન તળેથી હાથ લાગેલા સિક્કા ઉપરથી એણે બેધડક કહ્યું છે કે 'એ સિક્કા ઇસુની હજારેક વર્ષ પહેલાંથી ભારતમાં પ્રચલિત હશે.'

'મનુસ્મૃતિ'માં પણ પ્રાચીન સિક્કાઓનાં તોલમાપ મળે છે, પણ તે એ પહેલાંના માપથી કંઇક જુદાં પડે છે. મનુ પહેલાં લખાએલા જ્યોતિષગ્રંથો ઉપરથી ગોપાલ ભટ્ટ નામના પ્રાચીન લેખકે જે તોલમાપ આપ્યાં છે તે આ પ્રમાણે છે: ૨ યવ=૧ ગુંજા, ૩ ગુંજા=૧ બલ્લ, ૮ બલ્લ=૧ ધરણ. હવે ૧ ગુંજા બરાબર ૧ રતીનું માપ લેતાં ૨૪ રતીનું એક ધરણ થાય. એ પરથી ફલિત થાય છે કે મનુના વખતમાં (એટલે કે ઈસુ પૂર્વેની ચોથી સદીના અંતભાગમાં) ધરણનું વજન જે ૩૨ રતીનું હતું તે તેની પહેલાં ૨૪ રતીનું હતું. લખનૌ મ્યૂઝિયમમાં એવા તેર સિક્કા સંઘરાએલા છે ને એમનું કદ મોટું છે. પૃથક્કરણ કરતાં તેમાં ૭૫ ટકા રૂપું, ૨૪.૬ તાંબુ અને .૪ ટકા સીસા ને લોઢાના અંશ માલૂમ પડ્યા છે.

મોએં-જો-ડેરો શૈવ સંસ્કૃતિ ?

નવાઇની વાત એ છે કે 'કાલિવિલાસ તંત્ર' તથા શાક્ત પંથના બીજા ગ્રંથોમાં મંત્રબીજોની જે સંજ્ઞાઓ (એક પ્રકારની મુદ્રાલિપિ) આપેલી છે, એ જ ઘણા ભારતીય સિક્કાઓ પર અંકાએલી છે. અને એથી પણ વિશેષ નવાઇની બીના એ છે કે એ મંત્રબીજોની સંજ્ઞાઓ તથા પ્રાચીન સિક્કાઓ પરની સંજ્ઞાઓ બંને સિંધના મોએં-જો-ડેરોનાં ચિત્રાંકનો (pictographs) ને મળતી આવે છે.

મોએં-જો-ડેરોના ખોદાણમાંથી મળી આવેલી મુદ્રાઓમાંની એક પર શિવની આસન મૂર્તિ મળી આવી છે. યોગાસન વાળી બાજઠ પર બેઠેલી એ જટાધારી મૂર્તિ શીંગડાં વાળી છે અને તેને અભિમુખ હાથી, ગેંડા, ભેંસ,




મોએં-જો ડેરોની મુદ્રા

હરણ, વાઘ વગેરે અંકિત છે. શિવને અપાએલાં યોગિરાજ, ત્રિશિરસ, જટાધારિન્, પશુપતિ આદિ જુદાંજુદાં અભિધાનોનાં એ પ્રતીકો હોવાનું શ્રી દુર્ગાપ્રસાદ માને છે અને કહે છે કે હિંદુ સિક્કાઓ પરની મુદ્રાઓ કલ્પી ન શકાય એટલી બધી પ્રાચીન છે.

યુગપ્રવાહની અસર

નાણાંનો ઉદ્ભવ અહીં સ્વતંત્રરીતે થયો છે. છતાં યુગના પ્રવાહ સાથે બહારની જુદી જુદી અસરો તળે પણ એ આવતું ગયું છે. ઇ. પૂ. બીજી સદીથી વાયવ્ય સરહદ ઉપર બૅક્ટ્રિયાના ગ્રીકોનું પ્રભુત્વ જામતું જતાં હેમીડ્રામની અસર અહીંના સિક્કા પર થતી ગઈ. એ પહેલાંના હિંદના જૂના સિક્કાઓનો ઘાટ ચોરસ હતો. ઈ.પૂ. ૧૫૦ના મળેલા ડીમિટ્રિયસના વંશજોના હેમીડ્રામનો ઘાટ જોકે ચોરસ હતો અને તે ગ્રીક અને ભારતીય બંને પદ્ધતિઓના સમન્વય રૂપે રાખવામાં આવેલો. બાકી ગ્રીક સિક્કાઓ તમામ ગોળ જ હતા અને એમની અસર ભારત પર થઈ. ઇસુની ચોથી સદીમાં તો અહીંના બધા સિક્કામાં ગોળાઈ આવી ગઇ.

ગ્રીકો પછી હિંદ પર શક અને કુશન લોકો આવ્યા. એમણે પોતાના નવા જ સિક્કા પ્રચલિત કર્યા. ગ્રીક દેવોને બદલે એમણે સિક્કાની એક બાજુ યજ્ઞ કરતા રાજાની અને બીજી બાજુ ગ્રીક, રોમન, પારસી, હિંદુ, બૌદ્ધ વગેરે દેવોની છાપ અંકિત કરવા માંડી. આમ, એક બાજુ રાજા ને બીજી બાજુ દેવતા એવો સિક્કાનો પ્રકાર હિંદમાં એક હજાર વર્ષ સુધી ચાલુ રહ્યો. ગુપ્ત સમ્રાટ સમુદ્રગુપ્તના અશ્વમેધની છાપથી અંકાએલા એ પ્રકારના સિક્કા પ્રખ્યાત છે જ.



અશ્વમેધયજ્ઞના ઘોડાની છાપવાળો સમુદ્રગુપ્તનો સિક્કો

પણ શી-ઓના ઉદય પહેલાં, ઇરાની તોખમના ક્ષત્રપોએ પશ્ચિમ હિંદને કાંઠે સામ્રાજ્ય જમાવી દીધેલું. એમણે પુષ્કળ પ્રમાણમાં પોતાના સિક્કા બહાર પાડેલા જે ઠેરઠેર મળી આવેલા છે. વળી એમના સિક્કા પર સાલ પણ અંકાએલી હોઈ, એમની અગત્ય વધે છે. ગ્રીક કરતાં રોમન દીનારને મળતા એમના સિક્કા આધુનિક સિક્કા જેવા જ લાગે છે. આ ક્ષત્રપોને ચોથી સદીમાં ગુપ્તોએ ઉથલાવી પાડ્યા પછી આવ્યા હૂણો. ગુપ્ત વંશનો એમણે ધ્વંસ કર્યો ને પોતાના સ્વતંત્ર સિક્કા બહાર પાડ્યા. એ હૂણ સિક્કા સાસાનિયન, ગુપ્ત અને કુશન અંશોનો સમન્વય સાધે છે, જેમાં સૌથી પ્રખ્યાત તોરમાણના સિક્કા છે. ઇ. સ.ની છઠ્ઠીથી આઠમી સદી સુધી ઉત્તર હિંદુસ્તાનમાં પ્રચારમાં રહેલા ગધૈયા સિક્કાઓનું મૂળ પણ આ હૂણ સિક્કાઓમાં છે.

એ પછી પરદેશી હૂમલામાંથી છેક દસમી સદીમાં હિંદે માથું ઊંચક્યું જણાય છે. એ અરસામાં ગાંધારના બળદ અને ઘોડેસવારની છાપવાળા સિક્કાઓ સિવાય ઉત્તર હિંદુસ્તાનના બધા સિક્કાઓમાં એક બાજુ દેવતા ને બીજી બાજુ રાજાની છાપવાળા સિક્કાઓનો પ્રકાર જ પ્રચલિત હતો.

દક્ખણનું રેખાદર્શન

દક્ખણ હિંદુસ્તાનનો ઇતિહાસ એથી જુદો જ છે. પ્રાગીસુકાળ(ઈસુ પૂર્વના કાળ)થી તે ઈસુની બેત્રણ સદી સુધી ત્યાં આંધ્રોનું પરિબળ હતું, પણ એમણે સિક્કાની ધાતુ તરીકે સીસું જ પસંદ કર્યું હતું. પરંતુ એ પછી જે નવાં રાજ્યો ઊભાં થયાં તેમણે સોનાના સિક્કા શરૂ કર્યાં, જેમાં ચેરાએ હાથી, ચાલુક્યોએ વરાહ, પાંડ્યોએ મત્સ્ય અને કદંબોએ કમળને પોતપોતાના સિક્કા પર સ્થાન આપ્યું હતું. ચોલ રાજ્યના રાજરાજાએ ઉત્તર હિંદુસ્તાનનું અનુકરણ કરી ઈ. ૧૦૩૦માં એક બાજુ રાજાની ઊભેલી ને બીજી બાજુ બેઠેલી મૂર્તિવાળા તાંબાના સિક્કા બહાર પાડેલા ને સિલોન જીત્યા પછી ત્યાં પણ એમનો પ્રચાર કરેલો. પાછળથી કાંડીના સ્વતંત્ર રાજાઓએ પણ એ પ્રકાર અપનાવી લીધેલો.

વિજયનગરના હિંદુ સામ્રાજ્યે કદમાં નાજુક એવા સોના તથા તાંબાના સિક્કા ખૂબ વિપુલ પ્રમાણમાં બહાર પાડેલા. દક્ખણનાં સમકાલીન બીજાં રાજ્યોએ તેનું અનુકરણ કરેલું,

એટલું જ નહિ, પણ એ પ્રદેશ પર આક્રમણ કરનારા વિદેશીઓએ પણ તેનું અનુકરણ કર્યું.

અરબ અને મુઘલ સિક્કા

હિંદે શરૂઆતથી જ સોનાનાણાને મહત્ત્વ આપેલું ને તે ઠેઠ સત્તરમી સદી સુધી અહીં ચાલુ રહેલું. ગ્રીક સિક્કામાં ક્રીસસે સોનું અપનાવ્યું તે પહેલાં એ લોકો સોના અને ચાંદીની એક મિશ્ર ધાતુ 'ઇલેક્ટ્રમ' સિક્કામાં વાપરતા. ગ્રીકો પાસેથી રૂપાનાણું પાછળથી પ્રજાસત્તાક રોમે અપનાવ્યું અને રોમની પાસેથી પાર્થિયનો, સાસાનિયનો અને મધ્ય યુગનાં એશિયાઇ રાજ્યોએ તે અપનાવ્યું.

પાર્થિયનોને ઉથલાવી પાડ્યા પછી ઈરાનના સાસાનિયન શાસક અરદેશરે ઈસુની ત્રીજી સદીમાં પશ્ચિમ એશિયામાં રોમનોની ઢબે પોતાના સિક્કા ચાલુ કરેલા, જેની એક બાજુ રાજાની છાપ તળે 'ઈરાનનો દિવ્ય સમ્રાટ્, અહુરમઝદનો પૂજક' એ લખાણ તથા બીજી બાજુ એ ધર્મગુરુઓ સાથેનો અગ્નિકુંડ છપાતાં. ઈસ્લામને હાથે એ સામ્રાજ્યનો નાશ થયા પછી પહેલવહેલા શુદ્ધ અરબ સિક્કા ઉમૈયા વંશના પાંચમા ખલીફા અબ્દુલ મલિકે (ઇ. ૬૮૫-૭૦૫) દાખલ કર્યા. સોના, રૂપા ને કાંસાના એ સિક્કાનાં નામ અનુક્રમે દિનાર, દરહમ ને ફાલુસ હતા. એની એક બાજુ કલમા ને બીજી બાજુ એ પાડ્યાની સાલ, સ્થાન ને અમલ આલેખતા.

આ અરબોએ આઠમી સદીમાં હિંદ પર આક્રમણ કરી સિંધ તાબે કર્યું ત્યારે અહીં પણ ઉમૈયા સિક્કા દાખલ થયા. ત્યાર બાદ હિંદ પર એક પછી એક આક્રમણો થતાં રહી ધીમેધીમે તેનો હ્રાસ થયો. દિલ્હીના શરૂઆતના સુલતાનોએ પોતાના નવા સિક્કા શરૂ કર્યા તેમાં ઘણા સિક્કા પર સંસ્કૃત લખાણો પણ રહેતાં. મુઘલોએ દિલ્હી હાથ કર્યું ત્યારે બાબર તથા હુમાયૂંએ જે સિક્કા બહાર પાડ્યા તે પર વળી મધ્ય એશિયાની અસર રહેલી. આખરે ઇ. ૧૫૪૨માં શેરશાહ સૂરે હિંદને એવા એક સિક્કાની ભેટ આપી, જે આજ સુધી હિંદનું ગ્રાહ્ય નાણું રહ્યું છે. એ સિક્કો તે રૂપિયો. કદ અને વજન બંનેમાં તે આજના રૂપિયાને મળતો આવતો હતો.

રૂપિયાનો ક્રમવિકાસ

શેરશાહ રૂપિયાનો સિક્કો ચાલુ કર્યા પછી અકબરે તેનો ઘાટ ચોરસ બનાવ્યો, પણ એ બહુ ન ચાલ્યો ને એના વંશજોએ પાછો મૂળ આકાર ચાલુ કરી તેમાં કલાતત્ત્વ પણ દાખલ કર્યું. જહાંગીરના સિક્કા તો એના દરબારનાં ચિત્રો જેવાં જ દૃશ્યમનોહર છે. શાહજહાંએ પોતાના સિક્કા પર બલ્ખનો વિજય આલેખેલો, જ્યારે ઔરંગઝેબે સિક્કામાં સાલ આલેખવી શરૂ કરી. તે સિવાય બીજો કશો મહત્ત્વનો ફેરફાર રૂપિયામાં નહોતો થયો.



મથાળેથી: (૧) વિક્રમાદિત્યનું બિરદ પામનાર મહારાજાધિરાજ ચન્દ્રગુપ્ત બીજાનો સિક્કો (બંને બાજુ); (૨) કુમારગુપ્ત પહેલાનો સિક્કો; (૩થી ૫) ક્ષત્રપોના સિક્કા-નહપાણ, ચષ્ટન અને રુદ્રસિંહ શકની છાપના; (૬) તોરમાણ હૂણનો સિક્કો; (૭) કનોજના રાજા ભોજ અગર મિહિર ગુર્જરપ્રતિહારનો સિક્કો.

પરંતુ મુઘલાઈના અસ્ત પહેલાં જ જુદી જુદી યુરોપિયન પ્રજાએ હિંદમાં પોતપોતાના થાણાં જમાવવા માંડેલાં ને એમને ય પોતાના સિક્કા ચાલુ કરવાનો અભરખો લાગેલો. એ મુજબ ઇસ્ટ ઇંડિયા કંપનીને પણ પોતાના સિક્કા ચાલુ કરવાની ઇચ્છા થઈ, ને ચલણ તરીકે સ્પૅનિશ ડૉલર સ્વીકારવ.નું તેણે ઠરાવ્યું. પણ ઇંગ્લંડની રાણી ઇલિઝાબેથે એનો ઇન્કાર કરી સ્પૅનિશ ચલણના ધોરણે જ નવા સિક્કા પાડવાની મંજૂરી આપી. તદનુસાર કંપનીએ પોતાનો ડૉલર ચાલુ કર્યો, જેની એક બાજુ અંગ્રેજી તાજનું શસ્ત્રચિહ્ન ને બીજી બાજુ ફૂલમાળા હતી. પણ એ ચલણ લાંબુ ન ચાલ્યું.

પછી મુંબઈ અંગ્રેજોને હાથ આવતાં ત્યાંના પ્રેસિડેન્ટે સોના, રૂપા, તાંબા ને કલઈનું નાણું ચાલુ કરવાની તાજ પાસેથી અનુજ્ઞા મેળવીને સોનામહોર કે અશરફીના મૂલ્યનો 'કૅરોલિના', સૂરતના રૂપિયાના મૂલ્યનો 'ઍંગ્લિયાના', સૂરતના પૈસાના મૂલ્યનો 'કૉપિરૂન' તથા પોર્ટુગીઝ બઝરૂક કે પાઇના મૂલ્યનો 'ટિસી', એ સિક્કા બહાર પાડ્યા.

ઈ. ૧૬૬૭માં આ મુંબઈની જ ટંકશાળમાંથી અંગ્રેજોએ પહેલવહેલો રૂપિયો બહાર પાડ્યો, જે પર 'Mon. Bombay. Angic Regis. A°7°' તથા 'A Deo Pax Incrementum' લખાણ છપાએલું. ઈ. ૧૬૭૭માં એ ટંકશાળે બીજા પ્રકારનો રૂપિયો બહાર પાડ્યો જેની આગલી બાજુ વચ્ચે 'The Rupee of Bombaim' અને આસપાસ ગોળાકારમાં 'By Authority of Charles Second 1677' હતું, અને બીજી બાજુ વચ્ચે એક ઢાલ પર ઇંગ્લંડના 'રૉયલ આર્મ્સ' પર તાજનું ચિહ્ન મૂકી, ગોળાકારમાં 'King of Great Britain, France aad Ireland' એ લખાણો મૂકેલાં. એ પછી એક રૂપિયો વગર સાલનો પણ બહાર પડેલો, જેની પાછલી બાજુ 'Pax Deo' તથા ગોળાકારમાં 'Moneta Bombaiensis' અંકાએલાં.

પણ અંગ્રેજોના આ રૂપિયા ખુદ સુરતમાં ય ન ચાલતા, તો પછી મુઘલ મુલ્કમાં કે બીજા હિંદી મુલ્કોમાં તે ક્યાંથી ચાલે? એમનું ચલણ અંગ્રેજોના કિલ્લાઓમાં જ અને આજુબાજુનાં થોડાં ગામડાંમાં સમાઈ જતું.

ઇ. ૧૬૮૮-૮૯માં મુઘલ શહેનશાહ સાથે સંધિ થતાં સર જોન ચાઇલ્ડે શહેનશાહના નામે સુરતમાં રૂપિયા પાડવાની રજા મેળવી. એ રૂપિયા પર લખાણ ઉર્દુ આવતું. અંગ્રે-

એની આ પદ્ધતિનું અનુકરણ ફ્રેન્ચોએ કરી પૉન્ડીચેરીમાં છપાએલા રૂપિયા આર્કટથી બહાર પાડવા માંડ્યા. બંને વચ્ચે તફાવત જાળવવા અંગ્રેજોએ પાછળની બાજુ કમળની છાપ તથા ફ્રેન્ચોએ ચંદ્રની બીજકલાની છાપ સ્વીકારી હતી. એ અરસામાં પેશવાએ પણ પૂના ને બાગલકોટથી મુઘલ શહેનશાહને નામે રૂપિયા બહાર પાડવા માંડેલા. પોર્ટુગીઝોએ ૧૬૬૬માં 'રૂપિયા' નામનો બીજો એક સિક્કો ગોવાથી બહાર પાડેલો; એ જ રીતે ટીપુ સુલતાન શ્રીરંગપટ્ટમથી ને ડચ લોકો બટેવિયા તથા સીલોનથી પોતપોતાના રૂપિયા બહાર પાડતા. ઈ. ૧૭૫૭ના ફેબ્રુઆરીની ૭મીએ કલકત્તા જીત્યા પછી અંગ્રેજોએ સિરાજુદ્દૌલા પાસે પોતાની ટંકશાળની શરત મંજૂર કરાવી લીધેલી હોઇ, ૧૭૬૦થી તો એમણે મુંબાઇ, મદ્રાસ, તથા કલકત્તાથી નિયમિત સિક્કા બહાર પાડવા માંડ્યા. આમ, એ સમયના હિંદમાં દોઢ શિલિંગથી માંડી ૨ શિ. ૬ પે સુધીની કીમતના જુદા જુદા ૮૦૩ રૂપિયા પ્રચારમાં હતા! એ સિવાય દોઢ શિલિંગની મરાઠી 'અશરફી', ૪ શિલિંગની મુઘલ 'સાહેબી' તથા નવ શિલિંગનો પોર્ટુગીઝ 'પેગોડા' સિક્કો વગેરે પણ પ્રચારમાં હતા.

હળવે હળવે એક યા બીજી રીતે અન્ય પરદેશી સત્તાઓ તો હિંદમાંથી નાબૂદ થતી ગઇ, પણ અંગ્રેજોએ કેડો ન મૂક્યો ને હિંદની અનેક કમજોરીઓનો લાભ લેતા રહી પારકી ભૂમિ પર એમણે પોતાના સામ્રાજ્યની સ્થાપના કરવા માંડી. એ સામ્રાજ્યની જમાવટમાં કંઇક સ્થિરતા આવતાં જ ચલણનો પ્રશ્ન એમણે હાથ ધર્યો અને રૂપિયાની અનેક જાતોને લીધે વેપાર અને શરાફીમાં અડચણ ઊભી થતી હોવાનું કારણ આપી, ઈ. ૧૮૩૫ના સપ્ટેમ્બરમાં પોતાના સિવાયનાં તમામ ચલણો એમણે બંધ કરાવી દીધાં. ત્યાર સુધીમાં હિંદમાં એમણે પોતાની પાંચ ટંકશાળો સ્થાપી દીધેલી હોઈ, એ જ સાલમાં હિંદના કાયદેસર ચલણ માટેનો ૧૮૦ ગ્રેનનો (હિંદી ૧ તોલાનો જેમાં ૧૬૫ ગ્રેન ચોકખી ચાંદી છે) રૂપિયો તેમણે બહાર પાડ્યો ને એ જ નિયત ધોરણનો રૂપિયો ગણાયો.

અંગ્રેજ અમલના આ પહેલવહેલા રૂપિયાની એક બાજુ ઇંગ્લંડના રાજા ચોથા વિલિયમની શીર્ષમુદ્રા સાથે 'રાજા વિલિયમ ચોથો' એ લખાણ, તથા બીજી બાજુએ ફુલકોતરણીની વચ્ચે 'એક રૂપિયો' એવું અંગ્રેજી અને ઉર્દૂમાં લખાણ કોતરવામાં આવેલું. હવે તો એ રૂપિયો ચલણમાંથી ઈ. ૧૮૮૦ની સાલથી ખેંચી લેવાયો છે, ને એ જ મુજબ

બાબરથી ઈસ્ટઇંડિયા કંપની સુધીના

પાછલા પૂઠાની અંદર આપેલા

સિક્કાઓની સમજણ

દરેક સિક્કાની બને બાજુ દર્શાવીને તેની નીચે આપેલા અંગ્રેજી ક્રમ પ્રમાણે. **ચિત્ર ૧:** (1) બાબરે લાહોરમાં પાડેલો રૂપાનો સિક્કો; (2) હુમાયૂંનો સોનાનો સિક્કો; (3) શેરશાહે આગ્રામાં પાડેલો રૂપાનો; (4) ઇસ્લામશાહે કનોજમાં પાડેલો ત્રાંબાનો; (5) સિકંદર સૂરનો રૂપાનો; (6) અકબરે આગ્રામાં પાડેલો સોનાનો; (7) અકબરે અમદાવાદમાં પાડેલો રૂપાનો; (8) અકબરે આગ્રામાં પાડેલો રૂપાનો; (10) અકબરે દિલ્હીમાં પાડેલો ત્રાંબાનો (11) અકબરનો રૂપાનો અરધો રૂપિયો (12) જહાંગીરનો રૂપાનો સિક્કો. **ચિત્ર ૨:** (1) શાહઆલમનો સોનાનો; (2) અહમદશાહ દુરાનીનો રૂપાનો રૂપિયો; (3) અવધના વાજિદઅલી શાહનો સોનાનો; (4) હૈદરાબાદના સિકંદર જાહનો રૂપાનો રૂપિયો; (5) ટીપુ સુલતાનનો ત્રાંબાનો; (6) નેપાળના પૃથ્વીનારાયણનો રૂપાનો; (7) ઇંદોરના જસવંતરાવ હોળકરનો રૂપાનો રૂપિયો; (8) આસામના ગૌરીનાથસિંહનો રૂપાનો; (9) ઈસ્ટ ઇંડિયા કંપનીએ મુર્શિદાબાદમાં શાહઆલમ બીજાના નામથી પાડેલો યંત્રથી પાડેલો રૂપાનો રૂપિયો; (10) અમૃતસરમાં શીખોએ સં. ૧૮૩૭માં પાડેલો રૂપાનો રૂપિયો. (સી. જે. બ્રાઉન કૃત 'કૉઇન્સ ઑફ ઇંડિયા'માંથી)

'રાણી અને સમ્રાજ્ઞી વિક્ટોરિયા'ની છાપના તે પછીના રૂપિયા પણ પાછા ખેંચી લેવામાં આવ્યા છે. હિંદ બ્રિટિશ તાજને તાબે ગયા પછી થોડા જ વખત બાદ ઈ. ૧૮૬૨માં એ પાડેલા હોઇ એમાં વિક્ટોરિયાને માથે મુગટ ન હતો ને ખુલ્લો ચોટલો દેખાતો હતો. ટંકશાળ તરફથી જે 'Uncurrent Coin Department' નભાવવામાં આવે છે તે આવા બીનચલણી સિક્કા ઉપરાંત બનાવટી સિક્કાની યે તપાસ રાખે છે અને તરત પોલીસ ખાતાનું ધ્યાન ખેંચે છે.

નાણાનું શિલ્પ

આપણા દેશમાં નાણાનું ચલણ બે પ્રકારનું છે. એક જુદી જુદી ધાતુઓના સિક્કા રૂપે, જ્યારે બીજું, પ્રૉમિસરી નોટના સ્વરૂપમાં. પહેલું આપણે ધાતુનાણું જ લઇએ.

સૌથી મોખરે રૂપાનાણું તરી આવે છે. રૂપુ ખાણમાંથી ખોદાઈ નીકળે છે કે તરત ખાણો ઉપરની મીલોમાં તે મોકલી દેવામાં આવે છે. ત્યાં તેને દળી નાખી, રસાયણોની મદદથી તેમાંનો કચરો તથા ભેગ કાઢી નાખે છે, ને દર સો રતલનાં તેનાં ચોસલાં (ingots) બનાવી ટંકશાળમાં મોકલી દે છે.


ટંકશાળમાં એ ચોસલાં ફરીથી ગાળી નાખવામાં આવે છે ને તેને કઠણાશ આપવા એ રસમાં ૧૬૫ ગ્રેન ચાંદીએ ૧૧૫ ગ્રેન તાંબુ મેળવી મોટા તાવડામાં તેને એકરસ કરે છે. પછી રૂપાનાં જુદાં જુદાં ચલણો વાસ્તે તૈયાર રાખવામાં આવેલાં ગોળ બીબાંઓમાં એ રસ રેડવામાં આવે છે, જે જામી જતાં તેમાંથી વિવિધ જાડાઈની ગોળ પાટો બની જાય છે.

જૂના સિક્કાઓને પણ ટંકશાળની ઇલેક્ટ્રોલીટિક સિલ્વર રિફાઇનરીમાં ગાળી નાખવામાં આવે છે અને તેની શુદ્ધ ચાંદીની પાટો બનાવવામાં આવે છે. સિક્કાઓ માટે વપરાવા ઉપરાંત જાહેર પ્રજાને પણ એ પાટો પૂરી પાડવામાં આવે છે. રાત ને દિવસ એ રીફાઈનરીનાં યંત્રો ચાલ્યા કરે છે ને રોજની લગભગ પાંચ ટન ચાંદી ઉત્પન્ન કરે છે.

આ પાટોને પછી એક યંત્ર પર લઈ જઈ સિક્કાઓના પ્રમાણમાં તેમના પાતળા કકડા પાડવામાં આવે છે, ને ત્યાંથી પ્રેસમાં મોકલી દેવાય છે. પ્રેસમાં બન્ને બાજુ છાપની ડાઇ (અડી) હોય છે જેની વચ્ચે સિક્કાને દબાવવામાં આવે છે. દબાણ સાથે જ ત્રીસ ટનનો હથોડો તે પર પટકાય છે ને બન્ને બાજુ છાપ ઊઠી આવે છે. પ્રેસમાંથી બધા સિક્કા એકસરખી ચોક્કસ ગોળાઇના બહાર પડે છે, કારણ તેમને માપવાનું યંત્ર એવું તો બારીક હોય છે કે એક ઇંચના વીસ હજારમા ભાગની જાડાઇ પણ માપી શકાય છે!

આ રીતે તૈયાર થએલા સિક્કાઓને ત્યાર બાદ એક પછી એક તોળવામાં આવે છે. સ્હેજ પણ વજનની વધઘટ જણાય તે સિક્કાને રદ કરી ગાળી નાખવામાં આવે છે.

પછી સંપૂર્ણ બનેલા એ સિક્કાઓનો અવાજ તપાસાય છે. પોલાદની એક મોટી પાટી પર એક માણસ દરેક સિક્કો પછાડતો જાય છે, તેમાં જેનો અવાજ ખોખરો લાગે તેને પાછો ગાળી નાખવા તે એક બાજુ મૂકતો જાય છે. આ જ રીતે નિકલ અને તાંબાનું બને છે. નિકલના સિક્કાઓની બનાવટમાં ૭૫ ટકા તાંબુ વાપરવામાં આવે છે. તાંબાને પણ કઠણ બનાવવા સેંકડે ચાર ટકા કલઇ અને એક ટકો જસત મેળવવામાં આવે છે. અત્યાર સુધી તાંબાનાણામાં વધુમાં વધુ બેને પૈસાના સિક્કા પર હતો, પણ હવે નવી જાતનો



સિક્કા પાડવાનું નાનું યંત્ર; જે ફરવા માંડે એટલે ફીડિંગ રોલ વાટે રૂપાનો પાટો અંદર સરકતો જાય છે, અને કટરો વડે તેમાંથી સિક્કાના આકારના ગોળ ટુકડા કપાતા જઈ તેના ઉપર ઉપલી પ્લેટ તથા નીચલી પ્લેટમાંની ડાઈ(બીબાં)ઓ ખૂબ જોરથી દબાઈને છાપ પડી ગયા પછી તૈયાર સિક્કા નીચે પડે છે. (અન્સા.બ્રિ.)

હમુ યોજાયો છે, જેથી એ બોજો કમી થશે.

સોનાનાણું આપણા દેશમાં તો પાડવામાં જ નથી આવતું, છતાં ઇંગ્લંડની ટંકશાળની ગિનીઓ આપણે ત્યાં વપરાય છે એટલે એ વિષે પણ થોડું જાણી લઇએ.

ખાણમાંથી શુદ્ધ કરેલા સોનાની દર આરસો ઔંસની લગડીઓ ટંકશાળમાં મોકલવામાં આવે છે. ટંકશાળમાં એ સોનાને કઠણાશ આપવા તેમાં દર અઢાર કૅરેટે છ કૅરેટ તાંબુ મેળવવામાં આવે છે, ને એ રસ સિક્કા માટે તૈયાર કરેલા બીબામાં ઠરવા દેવામાં આવે છે. ઠરી જતાં લઠ્ઠાને બહાર કાઢી તેને છેડેથી ને મોંએથી બે ટુકડા કાપી લેવામાં આવે છે. આ બન્ને ટુકડાઓનું પૃથક્કરણ કરવામાં આવે છે અને એક કરતાં બીજા ટુકડામાં સોનાનું પ્રમાણ ઓછાવત્તું જણાય તો આખો લઠ્ઠો ફરી ગાળી નાખવામાં આવે છે.

આ પરીક્ષામાંથી પાસ થયા બાદ બીજા નાણાના પદ્ધતિક્રમે જ સોનાના પણ સિક્કા પાડવામાં આવે છે. ચલણી નાણામાં બધાથી ઓછામાંઓછા એ સિક્કા ઘસાય છે. વર્ષે માત્ર ૨૭/૧૬૬૦ ભાગ! કોઈ પણ સિક્કાનું વજન જ્યારે ત્રણ ગ્રેન ઘટી જાય ત્યારે બૅંકો તે પાછો ટંકશાળમાં મોકલી આપે છે.

આપણી ટંકશાળ સોનાનાણું ન પાડતી હોવા છતાં તે સોનાખાતું ધરાવે છે, જેમાં દફતખાનું હિંદની ખાણોમાંથી આવતું લગભગ ૩,૫૦,૦૦૦ ઔંસ સોનું દર વર્ષે શુદ્ધ કરવામાં આવે છે. સોનાના વેપારીઓ પણ જુદાં જુદાં ઘરેણાં વગેરે ગળાવી તેની લગડીઓ બનાવરાવીને તેની શુદ્ધિ માટે આ ટંકશાળખાતાના 'Assay Department'નું જ પ્રમાણપત્ર લાવે છે. આ ખાતાનો મુખ્ય એસેયર ટંકશાળમાંથી બહાર પડતા તમામ સિક્કાનાં વજન માટે જવાબદાર હોય છે.

સિક્કાઓ પાડનારી ટંકશાળ ઉપર વધુમાં વધુ જાપતો હોય છે. કામ દરમિયાન કામદારોને અંદરથી બહાર જવા દેવામાં આવતા નથી ને બહારથી કોઇને અંદર દાખલ કરતા નથી. ધાતુનો જેટલો જથ્થો કારીગરોને અપાય છે, તેમાંથી હિસાબે જેટલા સિક્કા ઊતરવા જોઇએ તેની નોંધ રખાય છે અને એક પણ સિક્કો ખોવાતો હોય તો તે શોધાયા પહેલાં કોઇ કામદારને રજા મળતી નથી. કારખાનામાંની ઝીણી રજનો પણ હિસાબ લેવામાં આવે છે અને તે એકઠી કરી ધાતુ-વાર તાવડાઓમાં ગાળવા નાખી દેવાય છે.

આપણા ચલણનો છેલ્લો પ્રકાર તે પ્રોમીસરી નોટનો. આ નોટો વાસ્તે ખાસ જાતના કાગળો વાપરવામાં આવે છે. એ કાગળોનો ખૂબ ચોકસાઇથી હિસાબ રાખવામાં આવે છે અને કામ ખલાસ થતાં દરેક કારીગરને પોતાનો હિસાબ આપવો પડે છે. કાગળના ટુકડા પડ્યા બાદ ખાસ તૈયાર કરેલાં સુશોભનો તે પર છાપવામાં આવે છે ને સૌથી છેલ્લે અક્ષરો છપાય છે.

ચલણમાં ઓછામાંઓછી આવરદા પ્રોમીસરી નોટની હોય છે. હાથોહાથની લેવડદેવડમાં થોડા જ વખતમાં તે એટલી તો ચોળાઈ જાય છે ને મેલી બની જાય છે કે તે પાછી બૅંકોને સોંપી દેવાય છે ને બૅંકો તે ટંકશાળમાં મોકલી આપી તેને બદલે નવીનવી નોટો મેળવે છે. આ ટંકશાળો આપણે આગળ જોયું તેમ સોનું પણ લે છે, અને હાલ તો સોનાના ભાવો વધ્યા હોતાં દરરોજ કેટલાયે વેપારીઓ મુંબાઇની એ ટંકશાળમાં સોનાના ઘટ્યા ઘાટો—કેમ જાણે એ દાગીનાઓ પાછળનો સારોનરસો ઇતિહાસ સંતાડતા હોય તેમ—કાપડના કકડામાં સંતાડીને લાવે છે ને ટંકશાળ બજાર ભાવ પ્રમાણે કાગળીઆંની પ્રોમીસરી નોટોમાં તેની કિંમત પ્રમાણે આપી દે છે. એ સોનું તો ફરી હિંદુસ્તાનની આંખે ચડવાનું જ નહિ. ફરી ભલે એમાંથી ઘટ્યા ઘાટો બનાવાય, પણ એ હિંદને બદલે લંડન કે ન્યૂયૉર્કની કોઈ સહેલાણી કુમારિકાના હાથનું બ્રેસલેટ કે કાનનું એરિંગ જ થવા નિર્માયા હશે.

અશોક હર્ષ

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો પૃ ૧૯૪ ઉપર છે. પણ તે જોતાં પહેલાં આપમેળે તમે કેટલા સાચા શોધી શકો છો તે ચકાસી જુઓ.

(૧) એક રાજા પોતાના વજીર પર નારાજ થવાથી તેને કાઢી મૂકવા ઈચ્છતો હતો; પણ વગર વાંકે કાઢી મુકાય નહિ. તેથી એવી સમજણ થઇ કે 'જાય' અને 'રહે' એવી બે ચિઠ્ઠીઓમાંથી, એક ન્યાયાધીશ સમક્ષ, વજીરે એક ચિઠ્ઠી ઉપાડવી અને ચિઠ્ઠીથી આવતો નિર્ણય સ્વીકારવો. હવે રાજાએ લુચ્ચાઇ કરીને બંને ચિઠ્ઠીઓમાં 'જાય' એવું લખી ચિઠ્ઠીઓ વાળીને ન્યાયાધીશ સમક્ષ મૂકી. પરંતુ પક્કો વજીર પહેલેથી જાણતો હતો. કે રાજા દગો રમવાનો, તેથી તેણે એવી યુક્તિ કરી કે તે કાયમ જ રહ્યો. તો તેણે શું કર્યું હશે?


(૨) છાપાઓમાં 'મૅન્ડેટ'ના પ્રદેશોનો વારંવાર ઉલ્લેખ આવે છે; એ કેવા પ્રદેશો?

(૩) 'વિક્ટોરિયા ક્રૉસ' શાની ધાતુમાંથી બનાવવામાં આવે છે?

(૪) મીંડાથી નવ સુધીના દશે અંકને એવી રીતે ગોઠવો કે સરવાળો ૩૬૦ આવે. તમે કેટલી રીતે ગોઠવી શકશો? જવાબમાં બે રીત આપી છે. તમે વધુ શોધી કાઢો છો?

(૫) હાજી અને હીજરીના અર્થ શા?

(૬) બાર દીવાસળીઓ વડે આ ચાર ચોરસ ગોઠવેલા છે. તેમાંથી ચાર દીવાસળી ખસેડીને ફરી એવી રીતે ગોઠવો કે ચારને બદલે ત્રણ જ ચોરસ બને.



(૭) મકરસંક્રાન્તિને દિવસે ગુપ્ત દાન દેવાનો મહીમા સમજનાર એક ગૃહસ્થે સફેદ, કાળા અને રાતા એમ ત્રણ જાતના તલના દરેકના આઠઆઠ લાડુ બનાવ્યા; અને સફેદ તલના દરેક લાડુમાં પાંચ પૈસા, કાળા તલનામાં ત્રણ પૈસા ને લાલ તલનામાં એક એક પૈસો નાખી લાડુ વાળી દીધા. આ લાડુ તેણે ત્રણ બ્રાહ્મણોને આઠ આઠ એવી રીતે વહેંચ્યા કે સૌએ ઘેર જઇ લાડુ ભાંગ્યા તો દરેકને સરખી રકમ મળી. તો તેણે દરેકને કઇ જાતના કેટલા લાડુ આપ્યા હશે?

ટિકિટ-સંગ્રહ


[૭] ટિકિટોની શાહી

ટિકિટમાં વપરાતા કાગળની જેમ તેની શાહી પણ ટિકિટોની પરખમાં અગત્યનો ભાગ ભજવે છે, એટલે ટિકિટ સંઘરનાર શોખી-ને તેને વિષે પણ જ્ઞાન મેળવી લેવું જરૂરી છે.

પણ આ જ્ઞાન મેળવવું રમત વાત નથી. દુનિયાભરની ટિકિટો એવા અદ્‌ભુત કિસમ-કિસમના રંગની શાહીઓમાં છપાએલી હોય છે કે જો ક્વચિત એ સામટી જોવામાં આવે તો આશ્ચર્યથી દિગ્મૂઢ બની જવાય! કોઈ ટિકિટો એક જ શાહીમાં છાપેલી હોય છે, તો ઘણી મોંઘી ટિકિટો બે કે ત્રણ શાહીમાં છપાએલી હોય છે. કોઇ ઘેરા રંગે, તો કોઇ આછા રંગે. ને રંગોની વિવિધતાનો તો શુમાર જ નહિ. અનેકવિધ આછી ઘેરી ઝાંયના, તેમજ એકબીજા રંગની મિશ્રણ ઝાંયવાળા એટલા વિવિધ રંગો બને છે કે કલ્પના પણ ન આવે. દાખલા તરીકે એક બ્લુ રંગ લઇએ. તેમાં આછો બ્લુ, મંદો બ્લુ, ઘેરો બ્લુ, કોબાલ્ટ બ્લુ, પ્રુશિયન બ્લુ, મોરપીછ બ્લુ, પોલાદરંગી બ્લુ, ચૉક્ી બ્લુ, મોરથુથુ બ્લુ, પીળી ઝાંયનો બ્લુ એવા અનેક વિભાગો છે. ને આવા વિભાગો પાછા દરેક રંગમાં હોય છે. ટિકિટ સંગ્રાહકોના જ્ઞાન માટે મોટીમોટી કંપનીઓ આવા વિવિધ રંગો છાપેલાં કાર્ડ કાઢે છે, જેના પર તે દરેક રંગનું નામ લખેલું હોય છે. આવાં માર્ગદર્શનના સાધન વિના ટિકિટોના રંગની પરખ એ સાધારણ માણસ માટે જરા કઠણ કામ છે.

આ રંગમાં પણ અકસ્માતને લીધે જ્યારે હેરફેર થાય છે ત્યારે એવા મિશ્ર કે ભૂલવાળા રંગો ધરાવતી ટિકિટોની કિંમત વધી જાય છે. છપાતી વખતે છાપવાના રોલર પર ચાલતી શાહીમાં અકસ્માત બીજી શાહીની અસર લાગી જાય, અગર શાહીનું પ્રમાણ વધીઘટી જઇને રંગ કોઇમાં સ્હેજ આછો કે ઘેરો થઇ જાય તો તેવી ટિકિટની કિંમત વધી જાય છે. દાખલા તરીકે ૧૯૨૪–૨૫ની સાલની ન્યૂઝીલૅન્ડની એક પેન્સની ટિકિટ 'ચૉક્ી' પેપર ઉપર 'કારમાઇન' (એક જાતના લાલ) રંગમાં છપાએલી, તેની કોરી ટિકિટનો બજારભાવ આજે માત્ર ૭ પેન્સ છે; પણ એ જ કિંમતની 'અનસર્ફેસ્ડ' કાગળ પર જરા આછા કારમાઇનમાં છપાએલી ટિકિટો અકસ્માત નીકળી ગઇ છે તેની કિંમત નિષ્ણાતો ૭૫ શિલિંગ આંકે છે! જેની પાસે સંજોગવશાત્ આવી ટિકિટો આવી જાય તેને લાભ થઇ જાય છે.

(ચાલુ) **હરિલાલ બૅંકર**



જ્વાળામુખીની આંતર-રચના

મૂળ સળગતો તારો ઠરીને આજે આપણી પૃથ્વી બની છે, પરંતુ તેના પેટાળમાં હજી ખડકોનો ધગધગતો રસ ખદખદ્યા કરે છે. તેમાં અવારનવાર ઊભરા આવ્યા કરે છે; પણ આપણે એટલા નસીબદાર કે એ ઊભરા ઉછાળા બહાર નીકળી જવાના કેટલાક સેફ્ટી વાલ્વ છે. એ વાલ્વ તે જ્વાળામુખી પર્વતો. ઉપલા ચિત્રમાં તેની ક્રિયા બતાવી છે. તેમાં અવારનવાર ઉછાળા આવીને થતા ધડાકાનું ચોક્કસ કારણ હજી નથી જણાયું; પણ અનુમાન કરવામાં આવે છે કે દરિયાનું પાણી અંદર ઝમીને લાવામાં પડવાથી ઉત્પન્ન થતી વરાળ જોરકરીને બહાર નીકળે છે અને સાથે ધગધગતો રસ, ખડકના ટુકડા અને રાખ તથા ધુમાડાના ગોટા ઉડાડે છે.

કસોટીના ઉત્તરો

(૧) વજીરે પોતે ઉપાડેલી ચિઠ્ઠી ખુબીથી ફાડી નાખી; બાકી પડી રહેલી ચિઠ્ઠીમાં 'જાય' એવું હતું એથી ન્યાયાધીશ સ્વાભાવિક રીતે જ માને કે વજીરની ચિઠ્ઠીમાં 'રહે' એમ હોવું જોઇએ. તેથી વજીરે રહેવું એમ ઠર્યું. રાજાને તો 'ચોરની મા કોઠીમાં મોં ઘાલી રૂએ' જેવું થયું; કેમકે તે કાંઈ કહી ન શકે કે પોતે બંને ચિઠ્ઠીઓમાં 'જાય' લખેલું હતું! (૨) ગયા મહાયુદ્ધ પછી રાષ્ટ્રસંઘે કાબૂ હેઠળ રાખવા માટે બીજી સત્તાને આપેલા આગલા દુશ્મનોના પ્રદેશો. (૩) તોપોને ગાળીને.

(૪) નીચે મુજબ (૫) મક્કાની યાત્રા (હજ) કરી આવેલો પ્રત્યેક મુસ્લિમ 'હાજી' કહેવાય છે: 'હીજરી' એટલે, મહમ્મદ પયગમ્બર જે સાલમાં મક્કાથી હિજરત કરી મદીના ગયા તે સાલથી ગણાતો ઈસ્લામી સંવત.

૯૦	૨૯૩
૮૧	૪૩
૭૨	૫
૬૩	૬
૫૪	૮
૩૬૦	૧
	૩૬૦

(૬) બાજુએ બતાવ્યા મુજબ

(૭) પહેલા બ્રાહ્મણને બે સફેદ, ચાર કાળા ને બે રાતાં; અને બીજા તથા ત્રીજાને દરેકને ત્રણ સફેદ, બે કાળા અને ત્રણ રાતા લાડુ આપેલા.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૮]

લેખક
ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

સમજણ આવ્યા પછી જ હું જેમ મુંબાઈ જોઈને ત્યાંનું સૃષ્ટિસૌન્દર્ય, સુવ્યવસ્થા, પ્રવૃત્તિ, નાગરિકતા, કલાકૌશલ્ય, સ્વચ્છતા વગેરેની કદર કરી શક્યો તેમ કાલિદાસ ને ભવભૂતિ પણ એમને સમજવાનો અધિકાર બરાબર પ્રાપ્ત થયા પછી જ મેં વાંચ્યા.

સંસ્કૃતમાં એ મહાકવિઓને સમજવા જેટલી મારી આવડત ન હતી. આથી શાકુંતલ અને ઉત્તરરામચરિતનો આસ્વાદ મારે ઝવેરીલાલ યાજ્ઞિક અને મણિલાલ નભુભાઈનાં ભાષાંતરો વાંચીને લીધા વગર છૂટકો ન હતો. પણ એ બંને મેં હાથમાં લીધાં તેવાં જ એકેવાં મહાન છે એ ખ્યાલ સદોદિત મને રહ્યા કર્યો.

બંનેમાં ભાષાંતરકારોનાં વ્યક્તિત્વ પણ દેખા દેતાં; અને તેમાં યે મણિલાલ નભુભાઈની 'પ્રિયે રે ! એ તે કયમ વિસરાય'થી શરૂ થતી લાવણીઓ બહુ આનંદ આપતી.

શાકુંતલની શિષ્ટતા, કાવ્યમય હૃદયભેદકતા, સંપૂર્ણ પાત્રાલેખન, તથા શકુંતલાની વિદાય જેવા પ્રસંગોએ મને કોઈ ઉચ્ચભૂમિમાં મૂકી દીધો,—એવો કે હજી પણ જ્યારે ત્યાં જવું હોય ત્યારે સંભારતાં વેંત જઈ શકું છું. રવિવર્માનું 'શકુંતલા પત્રલેખન'નું ચિત્ર એ કલ્પનાપ્રદેશની રમ્યતામાં વધારો કરતું.

ભવભૂતિના રામ ભવ્ય લાગ્યા. કારુણ્યમૂર્તિ, લાવણ્યભરપૂર, સીતા શુદ્ધ, ને અચળ પતિભક્તિથી અતિશય સુંદર લાગ્યાં.

મૃત્યુ પછી મારે શું શું ગુમાવવું પડશે તેનો જ્યારે વિચાર કરું છું ત્યારે શકુંતલા અને સીતાની ખોટ પહેલી યાદ આવે છે.

આ પછી બીજે વર્ષે મેં મણિલાલનું 'કાન્તા' નાટક વાંચ્યાં ને રમણભાઈનું 'રાઈનો પર્વત'. ભાષાંતર હતાં, જ્યારે આ બે મૂળ ગુજરાતી નૈસર્ગિક નાટકો હતાં ને બે સમર્થ સાક્ષરોની પ્રસાદી હતાં. 'રાઈનો પર્વત'માંનો મધ્યવર્તી સંદેશ તો મારી મોંઘી મિલ્કત છે:

'જાઓ ભલે જીવનઆશ સર્વે,
ઉત્પાત થાઓ, ઉપહાસ થાજો,
થાઓ તિરસ્કાર વિનાશ થાઓ;
ન એક થાજો પ્રભુપ્રીતિ નાશ.'

સત્યાગ્રહ આશ્રમના સંગીતશાસ્ત્રી ખરેએ મને રાષ્ટ્રીય સંગીતમંડળનો અધ્યક્ષ બનાવ્યો અને એ મંડળ દ્વારા અમે અમદાવાદ શહેરને શાસ્ત્રીય ને ઉચ્ચ સંગીતનો રસ લગાડવાનો પ્રયત્ન કરવા માંડ્યો. દેશી રાગોની પ્રતિષ્ઠા વધારી અને જલસાઓ તથા પરિષદ સાથે કીર્તનકારો અને માણભટ્ટની કળાનાં સાચાં મૂલ્યાંકન કરાવ્યાં. જે શહેરને મીઠામાં મીઠો રણકો કલદાર રૂપિયાનો જ લાગતો ને નિત્ય નૈમિત્તિક સંગીત મીલોનાં ભૂંગળાંનું જ સાંભળવા મળતું તેને સ્વ. ખરેજીના પ્રયાસથી શરણાઈઓ, મૃદંગ, ઈસરાજ, વીણા, જલતરંગ અને ફીડલમાં રસ પડવા માંડ્યો.

અમે ભરેલી અખિલ હિંદ સંગીત પરિષદમાં ઈન્દોરથી આલા બંદાખાન આવ્યા હતા. બંગાળથી બૅનરજી અને તામિલદેશથી ઢોલ તથા શરણાઈવાળા આવ્યા હતા. અને દ્વિજેન્દ્રલાલ રૉયના સુપુત્ર દિલીપકુમાર રૉયે મીરાંબાઈનું 'મને ચાકર રાખોજી' ગાઈને સર્વનાં હૃદય સ્પર્શ્યાં હતાં. પં. વિષ્ણુશાસ્ત્રી દિગંબર.અને આ બધા પાસેથી મેં સૂરસરિતાનાં અમૃત પીધાં ને શ્રવણેન્દ્રિયદ્વારા માધુર્ય ગ્રહણ કરવાની અજબ તાકાત લીધી.

સુરતના એક કલાપ્રિય સજ્જન હરગોવિંદદાસ ચિત્રોના બહુ શોખીન હતા. મુઘલ, રાજપૂત કાંગડી તથા ઈરાની કલમનાં જૂનાં ચિત્રોનો એમની પાસે સારો સંગ્રહ હતો. એ બધાં પરદેશ વેચે તો એમને બહુ ધનપ્રાપ્તિ થાય તેવું હતું, પણ એમણે, પોતે અતિશય તાણમાં રહેતા થઈ ગયા હતા છતાં, પૈસાને લોભે કદાપિ હિંદ બહાર એક પણ ચિત્ર વેચ્યું નહિ.

એમનો સંગ્રહ જોઈને મને બહુ જ આનંદ થયો. ગીતગોવિંદનાં કાવ્યો જેવાં, હિમાલયના સૃષ્ટિસૌન્દર્ય જેવાં, ગંગા અને યમુનાના લીલા તટ અને વૃક્ષો જેવાં, શરદપૂર્ણિમાની રાત્રી જેવાં, મોર અને કોયલ જેવાં, કમળ મધુવન અને રાસ જેવાં, ગોપીના પ્રેમ જેવાં, રાધાનાં સૌન્દર્ય અને કૃષ્ણની વાંસળી જેવાં એ હતાં. માર્દવ અને સૌરભનાં ત્યાં ઢગલા હતા. વેલો અને લતામંડપો, લાવણ્ય અને માધુર્ય પાર વિનાનાં હતાં.

ફૂલોની શય્યા કરીને રાધા કૃષ્ણની રાહ જોતી બેઠી છે પણ કૃષ્ણ આવતા નથી. ટોડી રાગિણી હરણો ને વીણા સંભળાવતી વનમાં એકલી ચાલી જાય છે. તાજમહાલ બંધાવનાર શાહજહાં પાઘડીથી મોજડીઓ સુધી સર્વાંગસુંદર વસ્ત્રો પહેરી હાથમાં કોતરણીવાળી લાકડી ને ગુલાબનું ફૂલ લઈ ઉભો છે. કાચથી હરગોવિંદદાસે એમનો ઝબ્બો મને બતાવ્યો. આટલે વર્ષે પણ એમાં જાણે પાણીદાર સાચાં મોતી જડેલાં ચળકી રહ્યાં હતાં !

૧૯૨૦ની અમદાવાદ કૉંગ્રેસ વખતે આ ચિત્રો લઈને એ જાતે આવેલા. કૉંગ્રેસના કલાપ્રદર્શનનો હું એક મંત્રી હતો ને મારી વિનતિને માન આપી મહાત્માજીએ દેશના જુદા-જુદા ભાગોમાં સ્વયંસેવકોને પત્રો આપીને કલાસામગ્રીઓ લાવવા મોકલેલા. તેઓ શાંતિનિકેતન વગેરે સ્થળેથી નવાં બંગાળી ચિત્રો પણ લાવેલા. આ પ્રસંગે મને બંગાળી ચિત્રોનો અને એની વિશિષ્ટ શૈલીનો નિકટ પરિચય થયો. પણ તેમાં અવનીન્દ્રનાથ ઠાકુરનું 'ભારતમાતા' ચિત્ર મારા હૃદયમાં અંકાઈ ગયું.

એના ચાર હાથમાં અન્ન, વસ્ત્ર, શિક્ષા અને દીક્ષાનાં સૂચક પ્રતીકો રૂપે અનુક્રમે ઝવેરા, ખાદી, પુસ્તકનાં પાનાં અને માળા છે. ભગવાં વસ્ત્ર એના ત્યાગમય જીવનનાં સૂચક છે; છતાં એણે સેંથામાં સિંદુર પૂરી પોતે ચાળીસ કોટિ સંતાનોની ભાગ્યશાળી માતા છે એમ દર્શાવ્યું છે. રાજમુકુટ તો એનો ધૂળમાં રગદોળાયો છે, પણ પગ પાસે ફૂલો ફૂલો ને ફૂલો તરે છે. દક્ષિણ સમુદ્રમાં એણે સિંહલદ્વિપ, જાવા, સુમાત્રા અને બલી ટાપુઓ સુધી પોતાની સંસ્કૃતિ ફેલાવેલી છે, તે કવિચિત્રકારે સ્વદેશાભિમાનના ભાવથી આ રીતે દર્શાવ્યું છે. પોતે ધીર, ગંભીર ને આધેડ છતાં યૌવન ને આરોગ્યપૂર્ણ છે, શરીરનો વાન ઘઉંવર્ણો છે, પણ હાથ તડકા ને સ્વાશ્રયના શ્રમથી જરા વધારે કાળા બન્યા છે, એ એટલા માટે કે એણે પારકાંના જીવ પર કદી પોતાનાં પેટ ભરવાનો વિચાર રાખ્યો નથી. એણે કોઈ પ્રજાને દબાવી કે લૂંટી નથી. મુખ પર સાત્ત્વિકતા, પવિત્રતા ને સાદાઈનો પ્રતાપ શોભી રહ્યો છે.

એમનું બીજું ચિત્ર 'શાહજહાંની મૃત્યુશય્યા'નું હતું. આગ્રાના કિલ્લામાં ઔરંગઝેબે કેદ કરેલો શાહજહાં સુમનબુર્જમાં મરણશય્યા પર સૂતો છે ને ડોક જરા ઊંચી કરી, એ દૂર જમનાકિનારે સોહતો તાજ જોતો ગત પત્નીનું સ્મરણ કરે છે. તેની પુત્રી રોશનઆરા પાસે બેઠી છે ને દુઃખી પિતાની મૂંઝવણ સમજે છે. કરુણરસિક કાવ્ય જેવું આ મહાન ચિત્ર છે. પ્રસંગ શોકનો હોવાથી ચિત્રકારે રંગો પણ ઘેરા અને ઊંડા ભર્યા છે.

બીજાં પણ સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક અનેક ચિત્રો સ્વયંસેવકો પ્રદર્શન માટે લાવ્યા હતા અને હરગોવિંદદાસ તથા કાકા કાલેલકર એમને યોગ્ય સ્થળે ગોઠવાવતા હતા. ત્યાં અમારી કલાચર્ચા ચાલ્યા કરતી. (ચાલુ)



માધુકરી

'હંમેશ રસમ છે'—નવ કોઈ ફુલેજો !
પ્રત્યેક વર્ષે અભિનંદવાની,
આનંદ ન્હો તો ય બતાવવાની,
રોવું છુપાવી હસતા જવાની.
રોવું સદા કાળ ભલે લખાયું,
એકાદ દી યે હસવા નહિ દ્યો ?
વેરાન છો આપણુ આખું આયુ,
પલ એક છાંયે ડ્રમવા નહિ દ્યો ?
માલુમ છે—જીવનની નવેળી
છે સાંકડી, ઘોર અને બીકાળી;
ને આપણે બીકણુ, રાત કાળી;
ખોંખારવા તેથી જ ટેવ પાડી.
ખોંખારતા સૌ ગલીપાર થાશું,
હોકારતા લાકડી ઘેર જશું,
બીતા જ તેથી દળ બાંધી ભેળા
થોડીક તો છાતી ફુલાવી ગાશું.
(મેઘાણી—'ફુલછાબ')

રામચંદ્ર કાશીનાથ ભીડે

(સ્વશિક્ષિત વનસ્પતિવિદ્વર)

'ઉત્તરગુજરાતની વનસ્પતિઓ' નામના ગ્રંથમાં એ વનસ્પતિઓનો જાતિ-નિર્ણય કરવામાં સહાય આપનાર તરીકે શ્રી આર. કે. ભીડેનો નામોલ્લેખ અવારનવાર આવે છે. અજ્ઞાત અથવા શંકાસ્પદ વનસ્પતિઓનો પ્રમાણભૂતનિર્ણય આપવાનું જે કામ લંડનના 'ક્યૂ' ગાર્ડન જેવાં કેન્દ્રો જ કરી શકે એવી સહાય એ ગ્રંથના અંગ્રેજ સંપાદકોને આપનાર એ હિંદી શ્રી રામચન્દ્ર કાશીનાથ ભીડે આપબળે જ આટલી વનસ્પતિવિદ્વરની કક્ષાએ પહોંચેલા. મુખ્યત્વે તો એ ડ્રૉઇંગ શિક્ષક અને ચિત્રકાર; પણ પૂનાની ઈજનેરી કૉલેજના વનસ્પતિભંડાર માટે તેમજ મુંબાઈ નૅચરલ હિસ્ટરી સોસાયટી માટે વનસ્પતિનાં રંગીન ચિત્રો કરવા સારૂ તે નીમાતાં, એ કામમાં ઝીણામાં ઝીણી વિગતો ઉપર જે ધ્યાન આપવું પડે છે તેને લીધે એ વિષયમાં એમનો રસ ને અભ્યાસ વધ્યાં, અને વનસ્પતિશાસ્ત્રના રજ પણ જ્ઞાન કે પૂર્વાભ્યાસ વિના, મહાવરા ને અવલોકનથી વનસ્પતિઓની સંજ્ઞા અને લક્ષણોના એવા નિષ્ણાત થઈ ગયા કે એક જ સરખી લાગતી બેચાર વનસ્પતિઓના સૂક્ષ્મ જાતિભેદ પણ તે નક્કી કરી શકતા.

૧૮૭૦ની ૨૦મી ફેબ્રુઆરીએ એમનો જન્મ. પૂનાની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાંથી સેકંડ ગ્રેડ આર્ટની પરીક્ષા પાસ કરી ૧૮૯૧-૯૨માં મુંબાઈની સ્કૂલ ઑાવ આર્ટસમાં દાખલ થયા ને ૧૮૯૬ સુધી અભ્યાસ કર્યો. અજંતાનાં ભીંતચિત્રો ઊતારનાર પહેલાં ગ્રિફિથ ત્યારે પ્રિન્સિપાલ હતા રા. બ. ધુરંધર, સાતવળેકર, આગરકર, તાસ્કર આદિ ખ્યાત કલાકારો એમના સહાધ્યાયી હતા. એમણે ઘણાં તૈલચિત્રો કરેલાં.

ઉપર જણાવેલા વનસ્પતિચિત્રણના કાર્યથી વનસ્પતિપરીક્ષાના ક્ષેત્રમાં એમને પ્રવેશ મળ્યો, જેમાં પહેલું એમણે 'ઑર્કિડ'નું લક્ષણજ્ઞાન મેળવ્યું—જે ભલભલા શિક્ષણસંપન્ન વનસ્પતિવિદો માટે પણ ઘણું દુષ્કર મનાય છે. તે પછી તૃણવનસ્પતિઓના એ નિષ્ણાત થયા; અને ત્યાર બાદ તો આખા મુંબાઈ ઇલાકાની વનસ્પતિના નિર્ણયકાર્યમાં 'પ્રામાણિકતમ' ગણાવા લાગ્યા.

૧૮૯૯માં મુંબાઈ ઇલાકાની વનસ્પતિઓના બૃહદ્‌સંગ્રહના કર્તા ડૉ. કૂકને એમણે 'કાલેન્ચો' નો એક નવો છોડ શોધી આપેલો જેને ડૉ. કૂકે તેમનું નામ આપીને 'કાલેન્ચો ભીડેઇ' એવી સંજ્ઞા આપી. છપ્પનિયા દુકાળ વખતે મુંબાઈ સરકારે ઢોરોના ખોરાકમાં વપરાતા તમામ જાતના ઘાસચારાના નમૂના રૂપનિર્ણય તથા અવલોકન માટે ગામેગામથી મંગાવેલા તેના સંગ્રહપાલ તરીકેનું કામ એમને સોંપાયું. એ પ્રસંગે એ બધાનાં ચિત્રો આલેખવાની તથા નજર નાખતાંવેંત વનસ્પતિઓ ઓળખી કાઢવાની સરસ તક તેમને મળી. આ પછી તૃણવર્ગના કેટલાક નવા નમૂનાઓ શોધવાનું તથા કેટલાંક ખોટાં વર્ગીકરણને સુધારવાનું કામ એમણે કર્યું અને ડૉ. સ્ટાફ જેવા જગવિખ્યાત વનસ્પતિવિદે એમણે શોધેલા એક નવા તૃણને તેમનું નામ આપ્યું.

મુંબાઈ ઈલાકાની બોટૅનિકલ સર્વે, અલીબાગના સરકારી ફારમમાં ચોખાની વિવિધ જાતોને ઉગાડવાના પ્રયોગો, 'સરકારી વનસ્પતિસંવર્ધક'નું કામ આદિ ઉત્તરોત્તર અનેકવિધ કામગીરી કરતા જઈ ૧૯૨૭માં તે સરકારી નોકરીમાંથી ફારગ થયા. તરત નિઝામ સરકારે તેમને પોતાના ખેતીવાડી ખાતામાં વનસ્પતિસૃષ્ટિના અર્થવિદ તરીકે બોલાવ્યા, જ્યાં એ છ વર્ષ રહ્યા. મદ્રાસ, નાગપુર, બનારસ, મુંબાઈ વગેરે સ્થળે સાયન્સ કૉંગ્રેસમાં એમણે અનેક શાસ્ત્રીય લેખો વાંચ્યા છે. આજે ૭૨ વર્ષની વયે પણ ખૂબ ચપળ અને શરીરે નીરોગી છે અને હજી યે ઘણા પ્રસંગે ભલભલા વિદ્વાનો અમુક અમુક બાબતોમાં એમની પાસે માર્ગદર્શન માગે છે. ('પ્રકૃતિ'માંથી તારવીને)

યુદ્ધમાં હિંદી વિજ્ઞાનીઓનો ફાળો

આ યુગ તો વિજ્ઞાનયુગ છે. એટલે યુદ્ધના આ આપદ્‌કાળમાં સફળતા મેળવવા માટે વિજ્ઞાનની પ્રવૃત્તિઓ પૂર ઝડપથી ચાલતી રહે છે. એ પ્રગતિમાં ફાળો આપનારા જગતભરમાં જે વિજ્ઞાનીઓ કામ કરી રહ્યા છે, તેમાં હિંદીઓનો ફાળો નાનોસૂનો નથી. આજે હિંદના પચાસ પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિકો (જેમાં એક તો દુનિયાભરનો પ્રખર ખગોળશાસ્ત્રી છે.) અમેરિકામાં અને અન્ય વૈજ્ઞાનિકો હિંદમાં વૈદકીય તેમજ રસાયણવિજ્ઞાનના કાર્યમાં તનમનથી લાગી ગયા છે અને અવનવી સિદ્ધિઓ મેળવી છે. તેમની શોધખોળનું થોડુંક બ્યાન ઉચિત લેખાશે.

પ્રો. સર શાન્તિસ્વરૂપ ભટનાગરે એરોપ્લેનમાંથી નીચે કઠણ ભોંય પર ફેંકવામાં આવે તોપણ ન ભાંગે એવા વાસણની શોધ કરી છે. આથી વિકટ કે દુષ્કર સ્થળે રહેલા કે શત્રુદળમાં ઘુસી ગએલા આપણા સૈનિકોને આવાં વાસણોમાં પ્રવાહી ખાદ્ય ભરી, અંતરીક્ષમાં ઊડતા એરોપ્લેનમાંથી નીચે ફેંકી પહોંચતું કરવામાં ઘણી સરળતા મળી છે. સર શાંતિસ્વરૂપ અખિલ હિંદ સાયન્ટિફિક અને ઇન્ડસ્ટ્રિયલ રીસર્ચ બોર્ડના ડીરેક્ટર છે. તેમણે દીવાસળીના ખોખા જેવડા એક એવા સ્ટવની શોધ કરી છે કે જે નફ્ફર બળતણથી બાર કલાક પર્યંત સળગ્યા કરે છે. આ ઉપરાંત ઝેરી ગૅસથી અભેદ્ય એવું કાપડ અને વિદ્યુત-રોધક તથા ઊન જેવા ગરમ સુતરાઉ કાપડની અનોખી શોધ કરી છે.

શત્રુ સામે સંહારક જ્વાળાઓ ફેંકવાનું નવું શસ્ત્ર શોધવાનું માન અમેરિકાવાસી ડૉ. આલમજીત ડી. સીંઘના ફાળે જાય છે. ડૉ. કલ્ગુએ (અન્ય અમેરિકન સાથીઓના સહચારમાં) ઈન્ફ્રારેડ ફોટોગ્રાફીની મદદ વડે પણ ન પરખી શકાય એવા લીલા ને અન્ય રંગો ઉપજાવવામાં ફત્તેહ મેળવી છે, જેથી સૈનિકો વગેરે લીલોતરીમાં છુપાઈ શકે.

વખારમાં કે વહાણમાં લાંબા સમય પર્યંત તરબુચ સારી રીતે જળવાઈ રહે એવા કીમિયાની શોધ લૉસ ઍન્જેલિસવાસી ડૉ. જગન્નાથ શર્માએ કરી છે. કેટલાંક વર્ષો પહેલાં તેમણે રસભર્યાં પણ ફિક્કા રંગનાં મીઠાં લીંબુને રંગવાની કળા જાહેરમાં મૂકી હતી. આથી ફ્લૉરિડાના બાગાયતીઓની આવકમાં પિસ્તાલીસ લાખ ડૉલરના

વાર્ષિક વધારો થયો છે. જેવલેણ 'કાલાઝાર' નામના જ્વર માટે સર ઉપેન્દ્રનાથ બ્રહ્મચારીએ રામબાણ ઔષધ શોધ્યું છે. આથી બ્રહ્મદેશ ઉપર વિજયકૂચ કરનારા અમેરિકન-બ્રિટિશ સૈનિકોના દેહરક્ષણનું અતિ અગત્યનું કાર્ય બનવાયું છે.

આ ઉપરાંત ડૉ. વી. કે. કોકટનૂર, ડૉ. ડી. સકલાતવાળા, ડૉ. શરદ્કુમાર રૉય, ડૉ. યેલ્લાપ્રગાડા સુબારાવ, પ્રો. સુબ્રહ્મણ્ય ચંદ્રશેખર અને અન્ય વૈજ્ઞાનિકો વિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રોમાં અમેરિકામાં સંશોધન કાર્ય કરી રહ્યા છે. ત્યાંના એક પત્રનું કથન છે કે હાલમાં અમેરિકામાં સંશોધનકાર્ય કરી રહેલા વિજ્ઞાનીઓમાં તેજસ્વી, પ્રતિભાસંપન્ન અને ખ્યાતનામા હિંદી વિજ્ઞાનીઓની સંખ્યા વધુમાં વધુ છે. આ બીના આપણા માટે ગૌરવ લેવા જેવી છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી


હૉન્ડુરાસ-પ્રાચીન સંસ્કૃતિધામ

આજની દુનિયાને સ્તબ્ધ બનાવી મૂકે એવી અતિ જાજરમાન ને ભવ્ય 'માય' સંસ્કૃતિના અવશેષો સંઘરી બેઠેલો આ નાનો સરખો પ્રદેશ, મધ્ય અમેરિકામાં બે પ્રાન્તોની વચ્ચે એક સાંકડા પટા પર એવો લપાઇને પડેલો છે કે કોઇનું તરત ધ્યાન પણ ન ખેંચાય. અહીંની પુરાણી વેરવિખેર જાતિઓને હરાવીને સ્પૅનિશ સરદાર કૉર્ટેઝે સોળમી સદીમાં આ ભાગ જીતી લીધો ત્યારે એને ખબર પણ ન હતી કે એ ભૂમિ પર એક એવી મહાન નષ્ટ સંસ્કૃતિના અવશેષો પડ્યા છે કે જેનો વારસો જગતભરના સંશોધકો વર્ષો લગી ઉકેલતા રહેશે.

ખડતલ સફરી કોલંબસે ૧૫૦૨ની તેની છેલ્લી સફરમાં હૉન્ડુરાસને કાંઠે ઊતરી ત્યાં ટ્રુહિયો (Trujillo) નામનું શહેર વસાવેલું. કૅરીબીઅન સમુદ્રમાં અર્ધચન્દ્રાકાર ઉપસાગરને કાંઠે આવેલા આ બંદરની આસપાસનું પાણી એટલું ચોકખું છે કે કેટલા યે વામ ઊંડે આવેલા તેના તળિયા પર પડેલી ત્રિકોણાકાર સ્કેટ માછલીઓ જોઇ શકો. પણ ટ્રુહિયો મોટું શહેર નથી. હૉન્ડુરાસની રાજધાની તો ટેગુચીગલ્પા છે. અને ટ્રુહિયો ઉપરાંત પોર્ટો કોર્ટેઝ, ઓમોઆ અને પોર્ટો કાસ્ટિલા એ મુખ્ય બંદરો છે.

હૉન્ડુરાસનો સ્પેનના સંસ્થાન તરીકેનો ઇતિહાસ દક્ષિણ અમેરિકાના બીજા દેશો જેવો જ છે. ૧૮૨૧માં મેક્સિકોએ પહેલવહેલો આઝાદીનો ઝંડો ફરકાવ્યો ને દક્ષિણ અમેરિકાએ તેનું અનુકરણ કર્યું, ત્યારે મધ્ય અમેરિકામાં ગ્વાટેમાલાની કૅપ્ટન-જનરલસી તરીકે આવેલાં પાંચે રાજ્યો શાંત રહેલાં. મેક્સિકોની ક્રાન્તિ સફળ થઈ એટલે એ પાંચેએ મળી પોતાની 'મધ્ય અમેરિકાના પ્રજાસત્તાક' તરીકે જાહેરાત કરી. પરંતુ આ સંઘસત્તાક લાંબું ન ચાલ્યું ને આખરે બધાં રાજ્યોએ વ્યક્તિગત સ્વાતંત્ર્ય હાંસલ કર્યું.

મોટે ભાગે પર્વતો અને સંખ્યાબંધ નદીઓથી ભરેલો આ દેશ ફક્ત દરિયા કિનારાના ભાગમાં નીચાણવાળો અને ભેજવાળો છે. એનાં પુષ્કળ વનજંગલોની પેદાશ બહુ વિપુલ છે, પણ ત્યાંથી નિકાસ કરવાનાં સાધનોનો મોટો અભાવ છે કેળાં, લીંબુ ને સંતરાં, વટાણા, કૉફી, તંબાકુ, રબર, કોપાઈબા, વેનીલા, સાર્સાપરીલા, ગળી, નાળિયેર, સાકર, કીમતી લાકડાં, ચામડાં વગેરે અનેકવિધ પાક અહીં ઊતરે છે.



૪૪,૪૮૦ ચોરસ માઈલના વિસ્તારનું હૉન્ડુરાસ ૧૭ જિલ્લાઓમાં વહેંચાએલું છે ને પ્રમુખ તરફથી નીમાએલા કારભારીઓ દરેકનો વહીવટ ચલાવે છે. હવામાન સામાન્ય રીતે સહ્ય ગણી શકાય. લગભગ દસ લાખે પહોંચતી અહીંની વસતિ કારિબ ઇન્ડીઅનો હબશીઓ ને સ્પેનિયર્ડોના મિશ્રણની બનેલી છે.

ધૂળચુંબક અને જંતુસંહારક

ધૂળનો ત્રાસ ગામડાંઓમાં જ હોય છે એવું કંઈ નથી. સંશોધનથી નક્કી થયું છે કે ઉદ્યોગી શહેરોમાં પણ લોકો રોજ ચમચાપૂર ધૂળ પેટમાં ઓરતા હોય છે! છાપરામાંથી પડતા સૂર્યના ચાંદરણામાં તરતાં જે સેંકડો બારીક રજકણો આપણને દેખાય છે એ રજકણો કરતાં યે બારીક, નરી આંખે ન દેખાય તેવાં, એક માઇક્રોનથી પણ નાનાં, $\frac{1}{25000}$ ઇંચના કદનાં સંખ્યાતીત રજકણો હવામાં હોય છે. આ રજકણોમાં દમ અને તાવ ઉત્પાદક પદાર્થો અને એકથી બે માઈક્રોન કદનાં ટાઇફૉઈડ, ન્યૂમોનિયા, ઈન્ફ્લુએન્ઝા, શરદી, ધનુર્વા, ક્ષય વગેરેના કીટાણુઓ અગણિત સંખ્યામાં હોય છે. આથી ધૂળ આપણા સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકર્તા અને વિષરૂપ છે. ઉપરાંત ધૂળ કે રજથી ઘરની દીવાલો, સરસામાન, પુસ્તકો અને કિંમતી વસ્તુઓ બગડે છે, એ સૌને વિદિત છે.

પશ્ચિમના દેશોમાં 'એકૉસ્ટ સિસ્ટમ' જેવાં યંત્રો દ્વારા સામાન્ય રજનો હુમલો ઘરમાં થતો અટકાવવાનાં સાધનો શોધાયાં છે ખરાં, પણ તે માણસના વાળથી યે $\frac{1}{300}$ કરતાં સૂક્ષ્મ રોગના કીટાણુઓને અટકાવી શકતાં નથી. આ માટે હવાની સંપૂર્ણ વિશુદ્ધિ સારૂ વીજળીનો ઉપયોગ કરવાની નવી રીત શોધી કાઢવામાં આવી છે. આને 'ઇલેક્ટ્રો સ્ટૅટિક પ્રેસીપીટેશન' કહેવામાં આવે છે. આમાં ધૂળનાં રજકણોને વિદ્યુત ભારવાહી બનાવી, જેમ લોહચુંબક લોખંડની પતરીઓને આકર્ષે છે તેમ વિદ્યુતના જોરથી એ રજકણોને ખેંચી લેવામાં આવે છે. આ યંત્રથી ઘર, કોઠાર, ઑફિસ, ઉદ્યોગશાળાઓ વગેરે સ્થળોએ ૮૫ થી ૯૦ ટકા જેટલી હવાનું શુદ્ધિકરણ થાય છે.

દવાખાનાંઓ માટે તો હવાનું વિશુદ્ધિકરણ અત્યંત ઉપયોગી છે. શસ્ત્રક્રિયાના ખંડમાં એ ને અલ્ટ્રાવાયોલેટ કિરણોનો ઉપયોગ નવતર છે. અલ્ટ્રાવાયોલેટ કિરણો કિટાણુઓનો નાશ કરી શકે છે.

પણ અલ્ટ્રાવાયોલેટ કિરણોનો ઉપયોગ બહુ ખર્ચાળ અને મુશ્કેલ છે. આથી અમેરિકાની વેસ્ટિંગહાઉસ પ્રયોગશાળાએ હમણાં પારાની વરાળ અને બીજા વાયુઓનું પ્રસરણ થઈ શકે તેવો એક 'સ્ટરી લૅમ્પ' બનાવ્યો છે, તે અસરકારકરીતે જંતુનાશનું કાર્ય કરી શકે છે. પાંચ ફૂટના અંતરે એક મિનિટ જેટલા સમયના તેના કિરણપાતથી હવામાં ઊડતા કે પદાર્થ પર બાઝેલા રોગના ૯૦ ટકા જેટલા કીટાણુઓ નાશ પામે છે. અમેરિકાનાં ઘણાંખરાં દવાખાનાઓમાં એ સ્ટરી લૅમ્પ વપરાય છે ને શસ્ત્રક્રિયાની સફળતામાં ઘણો વધારો થયો છે. ઉપરાંત ઢોરના તબેલા, બેકરીઓ, રેસ્ટોરાં, બૅન્કો, ખાદ્યપદાર્થો બનાવવાનાં કારખાનાં, ફૅક્ટરીઓ વગેરે સ્થળોએ શરદી, સળેખમ, ન્યૂમોનીઆ, ઈન્ફ્લુએન્ઝા આદિ હવા દ્વારા પસરતાં દર્દોના ચેપ અને પ્રસરણ નિવારવા સ્ટરી લૅમ્પનો વપરાશ થાય છે.

જો કે કુદરતીરીતે સૂર્યનો પ્રકાશ જંતુનો નાશ કરવાનું પ્રબળ સાધન છે. પણ વાતાવરણ ભેદી પૃથ્વી પર આવતાં સૂર્યકિરણોની જંતુઘ્નશક્તિ ઘણી કમી થએલી હોય છે. પર્વતના શિખર ઉપર સૂર્યતેજના પ્રતાપે હવા જેવી તદન શુદ્ધ અને નિર્મળ હોય છે, તેવી વિશુદ્ધ હવા પૃથ્વી પર પ્રાપ્ત કરવા વિજ્ઞાને આ બે સાધનો-પ્રેસીપીટ્રોન યંત્ર અને સ્ટરી લૅમ્પ શોધ્યાં છે.—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આ માસ ઈતિહાસમાં

નવેમ્બર

તા. ૧ ખડકીની લડાઈમાં બાજીરાવ પેશ્વાએ અંગ્રેજોને હાથે હાર ખાધી, ૧૮૧૭.

તા. ૩ શેખ-ઉલ હિંદ મૌલાના મહમદ-ઉલ-હસનનું અવસાન, ૧૯૨૦.

તા. ૫ બ્રિટિશ પાર્લમેન્ટને ઉથલાવી પાડવા માટે ગાઇ ફૉકસે કરેલા 'ગનપાઉડર પ્લૉટ' નામના કાવતરાનો દિવસ, ૧૬૦૫.

તા. ૧૧ જર્મનીએ મિત્રરાજ્યો સાથે પહેલા મહાયુદ્ધનો અંત લાવતી સંધિ કરી, ૧૯૧૮.

તા. ૧૪ પં. જવાહરલાલ નેહરુનો જન્મ, ૧૮૮૯.

તા. ૨૦ મહાન રશિયન લેખક ને ચિંતક કાઉન્ટ લીઓ ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.

તા. ૨૪ શોધસફરી ઍબલ ટાસ્માને ટાસ્માનિયા શોધી કાઢયો, ૧૬૪૨.

તા. ૨૯ વેલેસ્લીએ ભોંસલેને હરાવી ગ્વાલિયરનો કિલ્લો જીત્યો, ૧૮૦૩.

આ માસની વ્યક્તિવિશેષ



જમનાલાલ બજાજ

રાષ્ટ્રીય પુનરુદ્ધારની અનેકવિધ પ્રવૃત્તિઓને પોતાની દોલતને સેવા અનન્ય ભાવે અમર્યાદ પ્રમાણમાં અર્પીને પોતાનાં ધન અને કાયા ખર્ચી નાખનાર આ લક્ષ્મીનંદનનો જન્મ જયપુર રાજ્યના સીકર ગામ પાસે ૧૮૮૯ની ૪થી નવેમ્બરે સાધારણ મારવાડી કુટુંબમાં થયો. પિતા કનીરામ ખેતી ને ધીરધાર કરતા. એવામાં તેમના સગોત્રી વર્ધાના શ્રીમંત વત્સરાજ શેઠનો પુત્ર રામધન નિઃસંતાન ગુજરી જવાથી તેમણે જમનાલાલજીને દત્તક લીધા. શાળાનું શિક્ષણ નહિવત્ લઇ ૧૯૦૦માં વેપારમાં પડ્યા અને પ્રામાણિકતા તથા તેજસ્વિતાથી પાંચ લાખની મૂડીને અનેકગણી વધારી મૂકી. મધ્યપ્રાંતની સરકારે ૧૯૧૮માં રાય બહાદુર બનાવ્યા. પણ રાષ્ટ્રભક્તિનો અંશ મૂળથી જ હોવાથી ધીમેધીમે દાદાભાઇ, તિલક અને મહાત્માજીના સમાગમમાં આવી દેશકાર્યમાં ઝંપલાવતા ગયા અને ૧૯૨૦ની નાગપુર કૉંગ્રેસથી મહાસભાના ખજાનચી બની છેવટે કૉંગ્રેસ કારોબારીનું અંગ બન્યા. ૧૯૪૨ની ૧૧મી ફેબ્રુઆરીએ એમનું અવસાન થયું.

દટાય દાણો મળમાં અને સડે,
મરે સ્વયં, જીવન અન્યનું ઘડે.


— રમણલાલ સોની

સ્વામી શંકરાનંદજી આફ્રિકામાં આર્યત્વ-પ્રચાર અર્થે ફરતા હતા તે વેળા કોઇ મુસ્લીમે તેમને કહેલું કે 'સ્વામી, અમે તો લોઢાં છીએ, ને તમારા હિંદુ તો લાકડાં છે.' તેની એ ઉપમાને ઝીલી લઇને, અમણે જવાબ દીધો: 'હા; પણ એ ન ભૂલશો કે હિંદુ રૂપી લાકડાંમાં તમારા રૂપી લોઢાના ખીલા બેસતા કરીને જ દેશનું વહાણ બનેલું છે. જે દિવસે એ વહાણ ભાંગશે તે દિવસે લાકડાં તો ગમે તે ભોગે તરીને કાંઠે પહોંચી જશે; પણ લોઢાના ખીલા તો તળિયે જ બેસી જશે.'

અનેકાર્થી શબ્દ: પર=પારકું; બીજું કે અન્ય; ઉપર; દૂર; પછીનું કે ઉત્તર; શ્રેષ્ઠ; પીછાં.

કહેવતોના અર્થ: 'મેગણુ ને માછલું સામે પૂરે ચાલે.' આનો એક અર્થ તો એ કે મુશ્કેલી સામે સાહસ કરીને એ બંને ચાલે છે; પણ કહેવતમાં એ, ના કહેવા ઉપરવટ થઇને અગર અવળચંડાઇથી કરાતું વર્તન દર્શાવવા માટે વપરાય છે. એને મળતી કહેવતો: 'છાનોમાનો આવજે, તો કહે ઊંટે ચડીને આવીશ.'; 'ઊંધી ઇંટનો ચણનાર કડિયો'; 'બોલીશ નહિ, તો કહે ગામ બહાર વાત નહિ કરું' વગેરે.

ગણિતગમ્મત: એક કાગળ પર એકથી નવ સુધીનાં અંક ક્રમબદ્ધ લખી તમારા કોઈ મિત્રને પૂછો કે આમાંનો કયો અંક તને નથી ગમતો ? તે જે અંક કહે તેને ૯ વડે ગુણતાં જે ગુણાકાર આવે, તે વડે પેલી રકમને ગુણવાનું કહો. જવાબમાં તેને નહિ ગમતા અંકનો જ ઢગલો આવી પડશે! દાખલા તરીકે તેણે ૪ ધાર્યા તો ૪×૯=૩૬. અને ૧૨૩૪૫૬૭૮૯ને ૩૬ વડે ગુણતાં ૪૪૪૪૪૪૪૪૦૪ આવશે !




'ગ્લોબફિશ' નામની આ માછલીમાં એવી શક્તિ હોય છે કે ચાહે ત્યારે શ્વાસમાં હવા ખેંચી બલૂનની માફક અંગ ફુલાવી અદ્ધર ઊડી શકે છે ! એ વેળા એ બહુ જબ્બર લાગે છે.

ઇનામલ કરેલા લાકડ ફર્નિચરપરના ડાઘ પૅરૅફિન વાળું રૂનું પોતું ઘસવાથી નીકળી જશે.



ખોટી વાત: અંધ માણસોને કાળું જ દેખાય છે એ વાત ખોટી ઠરી છે. ઘણાં આંધળાંઓને ગુલાબી દેખાય છે, કેટલાકને ભૂખરું, કોઇને આસમાની, કોઇને લવંડર તો કોઇને વળી પીળું જ દેખાય છે. તદ્દન કાળું દેખાવાનું તો કોઈ નથી કહેતું. એક અંધે તો કહેલું કે 'જીવન ગુલાબી છે!'


પાંસળીની હીક કે છાતીના દુખાવા માટે 'સફેદ લેપ'ના નામે ઓળખાતા ઍન્ટી ફ્લૉજેસ્ટીન કે ઍન્ટી ફ્લુ જેવાં સાધનો ન મળી શકે ત્યાં મધ અને ચૂનાનો પ્રયોગ અસરકારક નીવડે છે. જરૂરી કાપડના ટુકડા ઉપર મધ ચોપડી તે પર થોડોથોડો ચૂનો ભભરાવવાથી ચૂનો ગરમ થઇને મધ સાથે મળી જશે અને તે પછી લગાડવાથી ચોસ લઇને ચોંટી જશે. ચૂનાનું પ્રમાણ વધીને ફોલ્લા ન ઉઠાડે તેની કાળજી રાખવી.



એક ફૂટ સમચોરસ લાકડાના પાટિયામાંથી બાજુની આકૃતિમાં નીચે બતાવ્યા મુજબની ખૂણા-અભરાઇ બનાવીલો. આકૃતિમાંના માપના 'અ' ને 'ક' ટુકડા પાટિયામાંથી કાપી કાઢો. પછી 'અ'ના કાટખૂણાની એક બાજુ, બે દીવાલ વચ્ચેના સાંધામાં લાંબા ખીલા વડે બેસાડી દો; અને 'ક' ટુકડો 'અ' ઉપર મૂકી, ઉપરથી નાની ખીલીઓ વડે જડી દો એટલે અભરાઈ તૈયાર. આકૃતિમાંનો કાળો ભાગ વધારાનો રહેશે. (પુ. પ્રા. સંઘવી)




તુટેલા તાર ચિત્રકાર - શ્રી હીરાલાલ પટેલ (ગુજરાત કલા મંડળ–મુંબાઇ)



અમેરિકાની કેટલીક જયંતી-ટિકિટો

ઉપરથી:(૧)મેજરકૂલિટલના સ્મરણમાં યુનાઇટેડ સ્ટેટ્સે કાઢેલી ૮ સેન્ટની એરમેઇલ ટિકિટ (૨) ૧૮૪૪ની ૨૪મી મેના દિવસે સૅમ્યુઅલ મોર્સે પહેલવહેલો ટેલીગ્રા(તાર)સંદેશ વૉશિંગ્ટનથી બાલ્ટીમોર મોકલ્યો તેની શતવર્ષીના સ્મરણમાં આ વર્ષે (૧૯૪૪)માં યુનાઇટેડ સ્ટેટ્સે કાઢેલ ૩ સેન્ટની ટિકિટ; (૩ અમેરિકાથી પહેલું વરાળયંત્રી વહાણ "સાવાના' આટલાંટિક પાર કરી ૧૮૧૯માં યુરોપ ગયું તેની ૧૨૫મી જયંતીના સ્મરણમાં આ વર્ષે(૧૯૪૪માં યુનાઇટેડ સ્ટેટ્સે કાઢેલ ૩' સેન્ટની ટિકિટ; (૪ અમેરિકામાં એ ખંડ વીંધતી પહેલવહેલી રેલ ૧૮૬૯ની ૧૦મીએ પૂરી થઈ તેની ૭૫મી જયંતીના સ્મરણમાં આ વર્ષે (૧૯૪૪)ની ૧૦મી મેએ યુનાઇટેડ સ્ટેટ્સે કાઢેલી ૩ સેન્ટની ટિકિટ (શ્રી હરિલાલ ઑંકર-વઢવાણ કૅમ્પ–ના સંગ્રહમાંથી





બાબરથી ઇસ્ટ ઇંડિયા કંપનીના કાળ સુધીના હિંદના કેટલાક સિક્કાઓ. સમજણ માટે જુઓ પૃ. ૧૯૦ (COURTESY: COINS OF INDIA)